અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૧ | અંક : ૨૨૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન મોદીએ ન્યૂ ઈન્ડિયાની વાર્તા સંભળાવી ત્યારે દુનિયાને આશ્ચર્ય થયુ

# પીએમ મોદીએ ફ્રાન્સના રોકાણકારોને કહ્યું- ભારત આવવાનો આ સમય છે

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ મોદી સાથે પેરિસમાં ૧૪માં 'ભારત-ફ્રાન્સ સીઈઓ ફોરમ'માં હાજરી આપી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સમાં AI સમિટની બાજુમાં ફ્રેન્ચ રોકાણકારોને આકર્ષિત કરતા સંબોધનમાં કહ્યું કે ભારત આવવાનો આ શ્રેષ્ઠ સમય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સની કંપનીઓને ભારતની વિકાસ ગાથાનો એક ભાગ બનીને અમર્યાદિત તકોનો વિચાર કરવા આમંત્રણ આપ્યું હતું. વડા પ્રધાને ફ્રાન્સની કંપનીઓને કહ્યું કે ભારતમાં રોકાણ કરવાનો આ 'યોગ્ય સમય' છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ મોદી સાથે પેરિસમાં ૧૪માં 'ભારત-ફ્રાન્સ સીઈઓ ફોરમ'માં હાજરી આપી હતી. મોદીએ તેમના સંબોધનમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે વધતા દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગ અને બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને આપેલા પ્રોત્સાહનનો ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને ફ્રાન્સ માત્ર લોકતાંત્રિક મૂલ્યોથી જોડાયેલા નથી, અમારી મિત્રતાનો પાયો ઊંડો વિશ્વાસ, નવીનતા અને જન કલ્યાણની ભાવના પર આધારિત છે. અમારી ભાગીદારી માત્ર બે દેશો સુધી મર્યાદિત નથી. અમે વૈશ્વિક સમસ્યાઓ અને પડકારોના ઉકેલ માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. મારી છેલ્લી મુલાકાત દરમિયાન, અમે અમારી ભાગીદારી માટે '૨૦૪૭ રોડમેપ'ની રૂપરેખા આપી હતી. આ પછી, અમે દરેક ક્ષેત્રમાં વ્યાપકપણે સહકાર આપી રહ્યા છીએ.'' તેમણે એરોસ્પેસ, બંદરો, સંરક્ષણ, ઈલેક્ટ્રોનિક્સ, ડેરી, રસાયણો અને ઉપભોક્તા ચીજવસ્તુઓ જેવા ક્ષેત્રો તરફ ધ્યાન દોર્યું, જ્યાં ભારત-ફ્રાન્સ સહયોગ પહેલેથી જ ચાલી રહ્યો છે.ફ્રાન્સના ઉદ્યોગોને ભારતની વિકાસયાત્રામાં જોડાવા આમંત્રણ આપતાં વડાપ્રધાન મોદીએ કહ્યું, ''જ્યારે ફ્રાન્સની કાર્યક્ષમતા અને ભારતનો સહકાર એક સાથે આવે છે, જ્યારે ભારતની ઝડપ અને ફ્રાન્સની ચોકસાઈ એક સાથે આવે છે, જ્યારે ફ્રાન્સની ટેકનોલોજી અને ભારતની પ્રતિભા એક સાથે આવે છે. પછી માત્ર વ્યાપારનો માહોલ જ નહીં પણ વૈશ્વિક પરિવર્તન આવશે.પેરિસમાં ૧૪મા 'ઈન્ડિયા-ફ્રાન્સ સીઈઓ ફોરમ'માં PM મોદીએ ન્યૂ ઈન્ડિયાની વાર્તા સંભળાવી ત્યારે દુનિયાને આશ્ચર્ય થયું.





### માર્સેલીના લોકો અને તે સમયના ફ્રેન્ચ કાર્યકરોનો પણ આભાર માનું છું

**નવા ભારતની તાકાત વિશે માહિતી આપતા પીએમ મોદીએ કહ્યું કે અમે અમારા દેશમાં ૧૨૦ નવા એરપોર્ટ ખોલવા જઈ રહ્યા છીએ. આનાથી તમે ભારતમાં નવી શક્યતાઓની કલ્પના કરી શકો છો. તમને જણાવી દઈએ કે પીએમ મોદીની સાથે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પણ ભાગ લીધો હતો. મોદીએ તેમના સંબોધનમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે વધતા દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગ અને બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને આપેલા પ્રોત્સાહનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સ્થિર રાજકારણ અને અનુમાનિત નીતિ મિકેનિઝમ પર આધારિત ભારત એક પસંદગીનું વૈશ્વિક રોકાણ સ્થળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દક્ષિણ ફ્રાન્સના માર્સેલી પહોંચ્યા. આ દરમિયાન, તેમણે સ્વતંત્રતા સેનાની વી.ડી. સાવરકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, જેમણે તે જ બંદર શહેરમાં હિંમતપૂર્વક ભાગી જવાનો પ્રયાસ" કર્યો હતો. મંગળવારે રાત્રે (સ્થાનિક સમય) ત્યાં પહોંચ્યા પછી, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, હું માર્સેલી પહોંચી ગયો છું. ભારતની આઝાદીની લડાઈમાં આ શહેરનું વિશેષ મહત્વ છે. અહીં જ મહાન બહાદુર સાવરકરે ભાગી જવાનો હિંમતભર્યો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું, હું માર્સેલીના લોકો અને તે સમયના ફ્રેન્ચ કાર્યકરોનો પણ આભાર માનું છું જેમણે તેમને બ્રિટિશ કસ્ટડીમાં ન સોંપવાની માંગ કરી હતી. વીર સાવરકરની બહાદુરી પેઢીઓને પ્રેરણા આપતી રહેશે.**

### ગ્રીનલેન્ડના જવાબમાં કેલિફોર્નિયા ખરીદવા તૈયાર

## ૬૦ લાખની વસતી ધરાવતા દેશે ટ્રમ્પની ઠેકડી ઉડાડી

### ડેન્માર્કના ૨ લાખથી વધુ નાગરિકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે જેમાં તેમણે અમેરિકા પાસેથી કેલિફોર્નિયા ખરીદવાની વાત કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ગત મહિને અમેરિકાના પ્રમુખ પદ પર પાછા ફર્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાને ૫૧મું અમેરિકન રાજ્ય બનાવવાની વાત કરી, પનામા કેનાલને પોતાના કબજામાં લેવાનું સૂચન કર્યું, ગાઝા પર અમેરિકાના નિયંત્રણની યોજના બનાવી અને ગ્રીનલેન્ડને ખરીદવાનો પ્રયાસ કર્યો. તેમના આ નિર્ણયોનો ઘણો વિરોધ પણ થયો. કેનેડા અને ચીને પણ ટ્રમ્પના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. પરંતુ હવે આ વચ્ચે ૬૦ લાખની વસતી ધરાવતો દેશ ડેન્માર્કે ટ્રમ્પની ઠેકડી ઉડાડી છે. ગ્રીનલેન્ડ ખરીદવાની ટ્રમ્પની ધમકી વચ્ચે ડેનમાર્કે અમેરિકાના રાજ્ય કેલિફોર્નિયાને ખરીદવાની ધમકી આપી છે. ડેન્માર્કના ૨ લાખથી વધુ નાગરિકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે જેમાં તેમણે અમેરિકા પાસેથી કેલિફોર્નિયા ખરીદવાની વાત કરી છે. આ અરજીમાં લખ્યું છે કે, 'શું તમે ક્યારેય કોઈ નકશાને જોઈને વિચાર્યું છે, તમને ખબર છે, ડેનમાર્કને વધુ સૂર્યપ્રકાશ, પામ વૃક્ષો અને રોલર સ્કેટની જરૂર છે. આપણી પાસે આ સ્વપ્નને સાકાર કરવાની એક તક છે. ચાલો આપણે ડોનાલ્ડ ટ્રમ્પ પાસેથી કેલિફોર્નિયા ખરીદીએ! 'આ અરજીની વેબસાઈટ ઉપર એક નારો લખ્યો છે- 'Make California Great again'. આ નારો ટ્રમ્પ પર એક કટાક્ષ છે. કારણ કે, તેઓ પોતાના પ્રચારમાં 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'નો દાવો કરતા રહ્યા છે. આ અરજીમાં આગળ કહેવામાં આવ્યું છે કે, આ લોકો કેલિફોર્નિયાને 'ન્યૂ ડેન્માર્ક' બનાવવા માગે છે.

અરજીમાં લખ્યું છે કે, 'અમે હોલિવૂડમાં આરામદાયક જીવન વિતાવીશું, બેવર્લી હિલ્સમાં સાઈકલ લેન બનાવીશું અને દરેક રસ્તાના ખૂણા પર ઓર્ગેનિક સ્મોર્સબ્રેડ લાવીશું. ડેન્માર્કના લોકોએ કહ્યું કે, 'ટ્રમ્પ હંમેશા કેલિફોર્નિયાની વિરુદ્ધ રહ્યા છે. પરંતુ આ રાજ્ય ખરીદ્યા પછી, અમે તેને એક નવી ઓળખ આપીશું.'

### અયોધ્યા રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસનું ૮૭ વર્ષની ઉંમરે નિધન

। અયોધ્યા, તા.૧૨ ।

અયોધ્યા રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસજીનું લખનઉની SGPGI હોસ્પિટલમાં આજે નિધન થઈ ગયું છે. સવારે ૮ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા છે. થોડા દિવસ પહેલા જ તેમની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી. જે બાદ તેમને લખનઉની જીઍૅમાં દાખલ કર્યા હતા. ડોક્ટર્સના જણાવ્યા અનુસાર, તેમને સ્ટ્રોકનો એટેક આવ્યો હતો. જે બાદ તેમની હાલત અતિ ગંભીર થઈ ગઈ હતી. ૪ ફેબ્રુઆરીના રોજ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એસજીપીજીઆઈ પહોંચીને આચાર્ય સત્યેન્દ્ર દાસના કુશળક્ષેમ જાણ્યા હતા. શ્રીરામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસને ૨ ફેબ્રુઆરીના રોજ સ્ટ્રોકના કારણે અયોધ્યાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાંથી ડોક્ટર્સે તેમને એસજીપીજીઆઈમાં રેફર કર્યા હતા. એસજીપીજીઆઈ હોસ્પિટલ પ્રશાસન અનુસાર, આચાર્ય સત્યેન્દ્ર દાસ ડાયાબિટીઝ અને હાઈ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓથી ગ્રસ્ત હતાં.

## હમાસ શનિવાર સુધી બંધકોને મુક્ત નહીં કરે તો, ગાઝામાં બધું બરબાદ થઈ જશે : ટ્રમ્પ

### ટ્રમ્પે કહ્યું કે જો શનિવારે ૧૨ કલાક સુધી તમામ બંધકોને છોડાશે નહીં તો મને લાગે છે કે સીઝફાયરની સમજૂતિનો કરાર રદ કરી દેવો જોઈએ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પેલેસ્ટાઈનના ઉગ્રવાદી સંગઠન હમાસને આકરી ધમકી આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, જો શનિવાર સુધી હમાસ ઈઝરાયેલના અપહરણ કરાયેલા નાગરિકોને છોડશે નહીં તો ગાઝામાં બધુંય બરબાદ થઈ જશે. આ સાથે, ટ્રમ્પે કહ્યું કે જો શનિવારે ૧૨ કલાક સુધી તમામ બંધકોને છોડાશે નહીં તો મને લાગે છે કે સીઝફાયરની સમજૂતિનો કરાર રદ કરી દેવો જોઈએ. જોકે, ટ્રમ્પે ઓવલ ઓફિસમાં મીડિયા સમક્ષ કહ્યું કે, સીઝફાયર



ચાલુ રાખવો કે બંધ કરવો એ નિર્ણય ઈઝરાયેલે લેવાનો છે. પરંતુ બાકીના તમામ બંધકોને એક સાથે જ મુક્ત કરવા જોઈએ, નહીં કે ત્રણ-ચાર જૂથમાં. અમે તમામ બંધકોને એક સાથે મુક્ત કરવામાં આવે તેમ ઈચ્છીએ છીએ. જોકે હું આ વાત ફક્ત મારા તરફથી કહી રહ્યો છું. ટ્રમ્પનું કહેવું છે કે એ શનિવાર સુધીની સમયમર્યાદાને લઈને એ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે વાતચીત કરશે. જોકે, આ અંગે વધુ માહિતી આપી નથી. હમાસે ખુદે સમજી જશે કે હું શું કહેવા ઈચ્છું છું. આ પહેલા ટ્રમ્પે ગાઝા પર કબજો કરીને ત્યાં સિટી રિસોર્ટ બનાવવાની વાત કહી છે. ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે પેલેસ્ટાઈનના લોકોને ગાઝામાંથી વિસ્થાપિત કરીને જોર્ડન અને ઈજીપ્તમાં વસાવવા જોઈએ. જોકે, જોર્ડન અને ઈજીપ્ત બંને ટ્રમ્પના આ પ્લાનનો વિરોધ કર્યો હતો.

### દેશનું હવામાનમાં થઇ શકે છે ફેરફાર અનેક રાજ્યોમાં વરસાદ ખાબકશે

। નવી દિલ્હી, તા.૧૨ ।

હવામાન સતત બદલાઈ રહ્યું છે. ઉત્તર ભારતમાં ઠંડીની લગભગ વિદાય થઈ ચુકી છે. આવું એટલા માટે કેમ કે હળવી ઠંડી હવે ફક્ત સવાર અને સાંજે જ દેખાય છે. આખો દિવસ તડકો રહેવાના કારણે ગરમી અનુભવાઈ રહી છે. ફેબ્રુઆરી મહિનામાં આવી ગરમી મે જૂનમાં પડવાની ગરમીના સંકેતો આપી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, જમ્મુ કાશ્મીર અને અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા થઈ.

### મુંબઈ પોલીસને આવ્યો કોલ

## અમેરિકાના પ્રવાસ પૂર્વે વડાપ્રધાન મોદીના વિમાન પર હુમલાની ધમકી

**આતંકવાદી વડાપ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે અન્ય એજન્સીઓને જાણ કરી અને તપાસ હાથ ધરી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં ફ્રાન્સના પ્રવાસે છે. ત્યારબાદ તેઓ અમેરિકા માટે રવાના થશે. ત્યારે હવે પીએમ મોદીના બે દિવસીય અમેરિકા પ્રવાસ પહેલા તેમના વિમાનને આતંકવાદી હુમલાની ધમકી મળી છે. 'મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં એક ધમકીભર્યો કૉલ આવ્યો હતો, તેમાં ચેતવણી આપવામાં આવી કે, આતંકવાદી વડાપ્રધાન મોદીના વિમાન પર હુમલો કરી શકે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે અન્ય એજન્સીઓને જાણ કરી અને તપાસ હાથ ધરી હતી. આ મામલે મુંબઈ પોલીસે જણાવ્યું કે, 'મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો કૉલ કરનાર વ્યક્તિની ચેમ્બુર વિસ્તારમાંથી અટકાયત કરી લેવામાં આવી છે. આ વ્યક્તિ માનસિક રીતે બીમાર છે.' અગાઉ પણ પીએમ મોદીને મળી ચૂકી છે ધમકી આ પહેલી વાર નથી જ્યારે પીએમ મોદીને આ પ્રકારની ધમકી મળી છે. આ પહેલા પણ પીએમ મોદીને ઘણી વાર જાનથી મારી નાખવાની ધમકી મળી ચૂકી છે.

### ઇંગ્લેન્ડ સામેની ત્રીજી વનડે મેચમાં ભારતની ૧૪૨ રનથી શાનદાર જીત

। (એજન્સી) અમદાવાદ,તા.૧૨ ।

ભારતની શાનદાર જીત અમદાવાદ ના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી ત્રીજી વનડે માં ભારતે ઈંગ્લેન્ડને હરાવ્યું. ભારતે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડે મેચમાં ૧૪૨ રનથી જીત મેળવી છે. ભારતીય ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડને ૩૫૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો.ભારતીય ટીમે ૫૦ ઓવરમાં ૩૫૬ રન બનાવ્યા હતા. ભારત તરફથી શુભમન ગિલે શાનદાર પ્રદર્શન કરતા સદી ફટકારી હતી. શુભમન ગિલે ૧૦૨ બોલમાં ૧૧૨ રન બનાવ્યા હતા. આ ઉપરાંત શ્રેયસ ઐયરે ૬૪ બોલમાં ૭૮ રન બનાવ્યા હતા. જ્યારે વિરાટ કોહલીએ ૫૫ બોલમાં ૫૨ રનની સારી ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડના સ્પીનર બોલર આદિલ રાશિદે ભારતની ૪ વિકેટ ઝડપી હતી. ભારતીય ટીમની શરુઆત સારી રહી હતી. જો કે, કેપ્ટન રોહિત શર્મા માત્ર બે બોલ રમીને એક બોલમાં આઉટ થઈ ગયો હતો.

### મની લોન્ડરિંગ કાયદાનો પણ દહેજ કાયદાની જેમ દુરુપયોગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

પીએમએલએના મામલામાં સુપ્રીમ કોર્ટે આકરી ટીપ્પણી કરતા કહ્યું કે મની લોન્ડરિંગ કાયદાનો પણ દહેજ કાયદાની જેમ દુરુપયોગ થઈ રહ્યો છે. મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓનો ઉપયોગ આરોપીને કાયમ માટે જેલમાં રાખવા માટે કરી શકાતો નથી. જસ્ટિસ અભય ઓકે આ કેસમાં EDને ફટકાર લગાવી અને કહ્યું કે ૪૯૮છની જેમ પીએમએલએનો પણ દુરુપયોગ થઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટે છત્તીસગઢ દારૂ કૌભાંડ કેસમાં મની લોન્ડરિંગના આરોપી છત્તીસગઢના ભૂતપૂર્વ આબકારી અધિકારી અરુણ પતિ ત્રિપાઠીને નિયમિત જામીન મંજૂર કર્યા છે, જોકે ત્રિપાઠીને જેલમાંથી મુક્ત કરવામાં આવશે નહીં કારણ કે તે આર્થિક ગુના વિંગ દ્વારા દાખલ કરાયેલા અન્ય કેસનો સામનો કરી રહ્યો છે. જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઑગસ્ટિન મસીહની બેન્ચે કહ્યું કે પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓનો ઉપયોગ કોઈને કાયમ માટે જેલમાં રાખવા માટે થઈ શકે નહીં.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



## આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાંથી છેલ્લા બે દિવસ દરમિયાન ૩૫ ટન જેટલો કચરો એકઠો કરી નિકાલ કરાયો



। આણંદ, તા.૧૨ ।

આણંદ મહાનગપાલિકાના કમિશનર શ્રી મિલિંદ બાપનાની સુચના મુજબ સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારમાં ખાસ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. રસ્તા ઉપર રખડતા ઢોરોને પકડીને પાંજરાપોળમાં મોકલવા માટે કાર્યવાહી હાથ ધરવા તથા રાત્રિના સમયે ખાસ સફાઈ ઝુંબેશ અને ફોગિંગની કામગીરી, પોરા નાશક દવા છંટકાવની કામગીરી કરવા જણાવ્યું છે. મનપાના મલેરીયા વિભાગ દ્વારા આણંદ શહેરી વિસ્તારમાં પોરા નાશક દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે તથા ફોગીંગ ની કામગીરી તુલસી ગરનાળા વિસ્તારમા કરવામાં આવી હતી, રૂપાપુરા મંગળપુરા વિસ્તારમાંથી ચાર જેટલા રખડતા ઢોરોને પકડીને પાંજરાપોળ ખાતે મોકલવામાં આવ્યા છે, જ્યારે સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત આણંદ મહાનગર પાલિકા વિસ્તારના આઝાદ મેદાન, સો ફૂટ રોડ, મહંત સ્વામી ચોક આઝાદ મેદાન, વ્યાયામશાળા તળાવ પાસે,અમુલ પાર્ક કન્ટેનર સિવિલ કોર્ટ રોડ, સરદાર પટેલ બેક્વેટ હોલ,બાકરોલ તળાવ, મોગરી, ગાયત્રી મંદિર પાસે, આઝાદ મેદાન તળાવ, મઠિયાં ચોરા, જલાદીપ સોસાયટી, કેવલ ટાવર, સેવા સદન રોડ, પાયોનિયર હાઈસ્કૂલ ની સામે, પટેલ નર્સરી પાછળ, સીપી કોલેજ પાસે,લાંભવેલ રોડ, વડતાલ રોડ, બાકરોલ,વોરા સોસાયટી વાળો પોઈન્ટ, ભાલેજ રોડ ઓવરબ્રિજ પાસે ખાસ સ્વચ્છતા ઝુંબેશ અને ખાસ તો રાત્રિ સફાઈ કરવામાં આવી છે અને ૩૫ ટન જેટલા કચરાના ઢગલા ઉપાડીને ડમ્પીંગ સાઈડ મોકલવામાં આવ્યા હતા. આમ, સમગ્ર આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં સફાઈ ઝુંબેશ દ્વારા મહાનગરને સ્વચ્છ બનાવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે.

## ઊંઝામાં બનવા જઈ રહ્યું છે એક્સક્લુઝિવ કન્ટેનર રેલ ટર્મિનલ

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં સ્થિત મહેસાણા-પાલનપુર રેલવે સેક્શન પર ડબલિંગની કામગીરી દરમિયાન ઊંઝા રેલવે સ્ટેશન પર માલવાહક ટ્રાફિકને ધ્યાનમાં રાખીને નવું ટર્મિનલ બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. આ ટર્મિનલને અસરકારક આકાર આપવાનો શ્રેય અમદાવાદ ડિવિઝનના વર્તમાન સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અન્નુ ત્યાગીને જાય છે, જેમણે પોતાની કાર્યક્ષમતા અને દૂરંદેશીથી આ નવી યોજનાની ચર્ચા કરી અને તેને એક નવું પરિમાણ આપ્યું અને રેલ્વે બોર્ડ દ્વારા જારી કરાયેલા પરિપત્ર અનુસાર, તેને એક્સક્લુઝિવ કન્ટેનર રેલ ટર્મિનલનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ટર્મિનલ રેલવે અને વેપાર બંને માટે આવનારા સમયમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

ઊંઝા તાલુકો જે મહેસાણા જિલ્લા હેઠળ આવે છે વિવિધ પ્રકારના મસાલા અને કૃષિ ઉત્પાદન જેમ કે જીરું, વરિયાળી, ધાણા, સરસવ, મેથી, ઈસબગુલ, રાઈ વગેરેના વેપાર માટે પ્રખ્યાત છે. પરંતુ, અત્યાર સુધી અહીંના ખેડૂતો તેમનો ઉત્પાદિત માલ ગુજરાતની બહાર સક્રિયપણે મોકલી શકતા ન હતા. આ મુખ્ય કારણ હતું. યોગ્ય વાહન વ્યવહારનો અભાવ પરંતુ જેવું ઊંઝામાં વેપારીઓને માહિતી મળી કે ઊંઝા માં એક નવું રેલ ટર્મિનલ સ્થપાઈ રહ્યું છે જે કન્ટેનર ના માધ્યમ થી માલસામાનની હેરફેરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સકારાત્મક ભૂમિકા ભજવશે, તો ખેડૂતો અને વેપારીઓ સૌ ખુશ



થઈ ગયા. હવે તેમનું ઉત્પાદન માત્ર ગુજરાત રાજ્યમાં જ નહીં પરંતુ દેશ-વિદેશમાં પણ સરળતાથી ઉપલબ્ધ થશે. આનાથી માત્ર સારા ભાવ જ નહીં પરંતુ રેલવેને વધારાની આવક પણ થશે.

શરૂઆતમાં મેસર્સ અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ અને સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશને ઊંઝાથી કન્ટેનર ટ્રેનની કામગીરી શરૂ કરવામાં રસ દર્શાવ્યો હતો. આ બંને કંપનીઓ હાલમાં વાર્ષિક ૬૫,૦૦૦ કન્ટેનર **(TEUs)** સુધીના કાર્ગોને હેન્ડલ કરવાની વિશાળ ક્ષમતા ધરાવે છે, ખાસ કરીને મુન્દ્રા પોર્ટ પર પરિવહન માટે. આ પગલાથી ઊંઝાને મુખ્ય લોજિસ્ટિક્સ અને નિકાસ હબ તરીકે વધુ મજબૂત બનાવશે.

અત્યાર સુધી, ઊંઝાની આજુબાજુ કોઈ પણ કન્ટેનર રેલ ટર્મિનલ નહોતું, જેના કારણે મોટાભાગનો માલ સડક માર્ગે વહન થતો હતો. પરંતુ હવે ઊંઝા ખાતે વિશિષ્ટ રીતે કન્ટેનર રેલ ટર્મિનલની સ્થાપના સાથે, આ પ્રદેશ ઉત્તરીય વિસ્તારો માટે મુખ્ય લોજિસ્ટિક્સ હબ તરીકે ઉભરી આવે તેવી શક્યતા છે. આ વિકાસ માત્ર ઊંઝાના ખેડૂતો માટે જ ફાયદાકારક નથી, પરંતુ અમદાવાદ ડિવિઝન અને સમગ્ર ભારતીય રેલવે માટે પણ એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.

આ સાથે માનનીય વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલ 'નેશનલ રેલ પ્લાન'ના વિઝન ૨૦૨૭ને એક નવો આયામ આપવામાં પણ મદદ મળશે.

આ ટર્મિનલની સ્થાપનાથી ઊંઝા અને તેની આસપાસના વિસ્તારોમાં વેપાર અને પરિવહન માટે નવી દિશાઓ ખુલશે. આ માત્ર રેલવે માટે જ નહીં પરંતુ સમગ્ર અર્થતંત્ર માટે સકારાત્મક પરિવર્તન સાબિત થશે. અમદાવાદ મંડળ

દ્વારા લેવામાં આવેલ આ પગલું ભારતીય રેલ્વેના પ્રગતિશીલ વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે, જે ભવિષ્યમાં હજુ પણ મોટા ફેરફારોનો સંકેત આપે છે.

### નડિયાદ જિલ્લા ન્યાયાલયના કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા

## સંતરામ સાકરવર્ષા મેળામાં કાનૂની સેવા-સહાય માટે માહિતી સ્ટોલની સુવિધા

। નડિયાદ, તા.૧૨ ।

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડિયાદનાં ચેરમેનશ્રી અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એન એ. અંજારીઆના નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડિયાદનાં ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી. ડી બી. જોષી દ્વારા મફત અને સક્ષમ કાનૂની સેવા સહાયની માહિતીનાં પ્રચાર પ્રસારની કામગીરી નિયમિત રૂપે કરવામાં આવે છે. જેનાં ભાગરૂપે તાલુકા કાનૂની સેવા સમિતિ, સિનિયર સિવિલ કોર્ટ, નડિયાદનાં ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ શ્રી. જી ડી. પડીયા દ્વારા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, નડિયાદ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ નડિયાદનાં સહકારથી નડિયાદ ખાતે સુપ્રસિદ્ધ સંતરામ સાકર વર્ષાનાં મેળામાં મુલાકાતે આવનાર તમામ નાગરિકોને મફત અને સક્ષમ કાનૂની સેવા-સહાય વિશે તથા ભારત સરકાર અને ગુજરાત સરકારશ્રીની મહિલા અને બાળકોને લગતી તમામ કલ્યાણકારી યોજનાઓની માહિતી અને જાણકારી મળી રહે અને વધુમાં વધુ લોકો યોજનાઓનો લાભ લે તે હેતુસર મફત અને સક્ષમ કાનૂની સેવા સહાયનાં સ્ટોલનું તા.૧૨/૦૨/૨૦૨૫ થી તા.૧૪/૦૨/૨૦૨૫ સુધી સવારે ૧૦-૦૦ થી સાંજે ૦૬-૦૦ કલાક સુધી આયોજન કરવામાં આવેલ છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડિયાદનાં ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી. ડી બી. જોષી, જિલ્લા મહિલા અને બાળ અધિકારી ફરજાના એન. ખાન, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી. મહેશ પટેલ, લીગલ કમ પ્રોબેશન ઓફિસર શ્રીમતી. કીર્તિબેન જોષી, ચીફ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ(એડવોકેટ)શ્રી. સી સી. દરજી સહિત કર્મચારીશ્રીઓએ ઉપસ્થિત રહીને મેળાની મુલાકાતે આવતા નાગરિકોને મફત અને સક્ષમ કાનૂની સેવા સહાય તથા મહિલા અને બાળકોને લગતી કલ્યાણકારી યોજનાઓની માહિતી અને જાણકારી આપી યોજનાકીય પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ધાનપુર તાલુકાના ધાનપુર સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે રક્તપિત્ત અંગે જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો







। દાહોદ, તા.૧૨ ।

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ઉદય ટીલાવત, જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી ડૉ.આર. ડી.પહાડીયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.બી.પી.રમનના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લામાં અત્યારે સ્પર્શ લેપ્રસી અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત ધાનપુર ખાતે સ્પર્શ લેપ્રસી અવેરનેસ અંગે પ્રચાર -પ્રસાર કરવામાં આવ્યો હતો. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રાછવાના સ્ટાફ, **RBSK** ટીમ, લેપ્રસી, ટી.બી. મેલેરીયા, સુપરવાઈઝર, સિકલસેલ, એચ.આઈ.વી. કાઉન્સેલર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામ નિમિતે આરોગ્ય વિભાગ દ્વારા સ્પર્શ લેપ્રસી અવરેનેસ કેમ્પેઈનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તારીખ ૩૦ જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી સુધી લેપ્રસી, ટી.બી., મેલેરિયા, સિકલસેલ, એચ.આઈ.વી. વિશે લોકોમાં જન જાગૃતિ ફેલાય તે માટે જુદી જુદી જગ્યાએ જેમ કે હાટ બજાર, સ્કૂલો, કોલેજ અને ગામની અંદર પ્રચાર -પ્રસાર માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં પત્રિકા વિતરણ કરવામાં આવી હતી અને વન ટુ વન માહિતી આપવામા આવી હતી. જેથી કરીને લોકો સ્પર્શ લેપ્રસી અવેરનેસ વિશે વધુ જાણકારી મેળવી ને જાગૃત થાય.

### દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ

## આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લેતા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણ

। દેવગઢ બારિયા, તા.૧૨ ।

દેવગઢ બારિયા તાલુકાના ઘટક ૧ ના પીપલોદ અને ભથવાડા સેજામાં આવેલ ટાંડી, સાલીયા મેલણ પંચેલા સહિત ભથવાડા પટેલ આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લેતા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણ. આ આકસ્મિક મુલાકાતમાં આંગણવાડી કાર્યકર/તેડાગર હાજર હતા.

આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી જેમાં પોષણ ટ્રેકર મુજબ લાભાર્થી છે કે નથી તે ચેક કરવામાં આવ્યું બાળકો ને થીમ પ્રમાણે કાર્યકર દ્વારા પ્રવુતિ કરવામાં આવી. મેનુ મુજબ બાળકોને સવારનો નાસ્તો દૂધ સંજીવની યોજના અંતર્ગત આપવામાં આવ્યું. બપોરનો નાસ્તો બાળકો માટે અને પોષણ સુધાનું જમવાનું આપવામાં આવ્યું. આંગણવાડી કેન્દ્રની ચકાસણી કરવામાં આવી. જેમાં આવેલ (એચ.સી.એમ સ્ટોક, **THR** સ્ટોક) ની ચકાસણી



કરવામાં આવી.આ આકસ્મિક મુલાકાત દરમિયાન **GSPC** યોજના અંતર્ગત બની રહેલ આંગણવાડી કેન્દ્રની મુલાકાત કરવામાં આવી મુલાકાત દરમિયાન અતિકુપોષિત બાળકોનું વજન ઊંચાઈ કરવામાં આવ્યું.

### ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી પ્રચાર અર્થે

## ફતેપુરા ધારાસભ્ય રમેશ ભાઈ કટારા અને ઝાલોદ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાએ જાહેર સભા સંબોધી

### ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ઝાલોદ નગરપાલિકામાં ચૂંટણી લક્ષી અંદાજીત ૯ સભા સંબોધી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાવવા જઈ રહેલ છે ત્યારે ભાજપ પાર્ટી તરફથી ચૂંટણી લડતા નગરના સાત વોર્ડનાં ૨૭ ઉમેદવારો જંગી બહુમતી થી જીતી તે અંતર્ગત નગરના બીયામાળી ખાતે ચૂંટણી સભા યોજાઈ હતી.દરેક વિસ્તારમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત ઢોલ નગારા વાજતે ગાજતે સભા મંડપ સુધી આમંત્રિત મહેમાનો આવતા વંદે માતરમ્, ભારત માતા કી જય સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ત્યારે બીયામાળી ગામ ખાતે સભા સંબોધતા મોટા પ્રમાણમાં



માનવ મહેરામણ ઉમટી પડેલ હતું ત્યાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું આ વખતે ભાજપ જંગી બહુમતી થી મહત્તમ શીટ જીતે તે માટે દરેક વિસ્તારોમાં ચૂંટણી સભાનુ સંબોધન કરવા આવેલ મહેમાનોનું સ્વાગત ઉપસ્થિત સ્થાનિક કાર્યકર્તા તેમજ ઉમેદવારો એ કર્યું હતું. દાહોદ જિલ્લા કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલ દ્વારા દરેક કાર્યકર્તાઓને વોટ નાખવા તેમજ દરેક મતદારો વોટીંગ કરે તે અંગે પૂરતી માહીતી આપી મતદાન કરાવવા હાકલ કરી હતી. ઝાલોદ ધારાસભ્ય મહેશ ભૂરીયા લગાતાર દરરોજ અલગ અલગ વોર્ડ વિસ્તારોમાં જઈને અંદાજીત નવ જેટલી સભાઓ સંબોધેલ છે. નગરના દરેક વોર્ડનો સમાન વિકાસ થાય તેમજ તે માટે ૧૬ તારીખે સહુ ઉમેદવારોને જીતાડવા ઉપસ્થિત મતદારોને હાકલ કરી હતી. નગરના વિવિધ વોર્ડમા ભાજપ સરકાર વિવિધ યોજનાઓ હેઠળ જે વિકાસના કામો થયેલ છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કેન્દ્રમાં ભાજપ અને ગુજરાતમાં ભાજપ સરકાર હોવાથી ડબલ એન્જિનની સરકાર ને વિકાસ પથ પર આગળ વધારવા તેમજ ભાજપના હાથ વધુ મજબૂત કરવા ઉમેદવારોને જીતાડવા માટે સહુએ ભેગા થઈ કાર્યરત થઈ જવા સૂચન કર્યું હતું.

### વિશેષ

### ગુજરાતમાં મિલેટ ક્રાંતિઃ માત્ર બે દિવસમાં જ ૨.૯૩ લાખ નાગરિકોએ લીધી "મિલેટ મહોત્સવ"ની મુલાકાત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીઘર્દ્રષ્ટિથી સુપરફૂડ મિલેટ પ્રત્યે ગુજરાત ઉપરાંત સમગ્ર વિશ્વના નાગરિકોનું આકર્ષણ વધ્યુંઃ રાઘવજી પટેલ

। નિતિન રથવી (માહિતી) અમદાવાદ ।

ગુજરાતમાં જાડા ધાન્ય અને બરછટ અનાજના ઉપયોગ તથા વપરાશને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગત તા. ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આયોજિત આ કાર્યક્રમને નાગરિકોએ બહોળો પ્રતિસાદ આપીને સફળ બનાવ્યો છે.

મિલેટ મહોત્સવ અંગે રસપ્રદ માહિતી આપતા કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં આયોજિત બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની આશરે ૨.૯૩ લાખથી વધુ





નાગરિકોએ મુલાકાત લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રાજ્યભરના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, નિકાસકાર તેમજ સ્વસહાય જૂથો દ્વારા આ મહોત્સવમાં કુલ ૬૦૬ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. આ ૬૦૬ સ્ટોલ મારફત બે દિવસમાં કુલ રૂ. ૧.૬૨ કરોડનું વેચાણ કરવામાં આવ્યું છે.

મંત્રી શ્રી પટેલે કહ્યું હતું કે, આ મહોત્સવ દરમિયાન મિલેટ અને મિલેટ વાનગીના સ્ટોલે અનેરું આકર્ષણ જમાવ્યું હતું. રાજ્યના હજારો સ્વાદરસિકોએ મિલેટથી બનેલી વિવિધ વાનગીઓનો આસ્વાદ માણ્યો હતો. રાજ્યના લાખો શહેરીજનોએ આ મહોત્સવમાં ભાગ લીધો, એ જ શ્રીઅન્ન અને પ્રાકૃતિક ખેત પેદાશના અનન્ય મહત્વ પ્રત્યે નાગરિકોની જાગરૂકતા દર્શાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિથી ઉજવાયેલા 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ'ના પરિણામે સમગ્ર વિશ્વના નાગરીકો સુપરફૂડ મિલેટના ફાયદાઓથી પરિચિત થયા છે.

અમદાવાદ ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં માત્ર બે જ દિવસમાં રૂ. ૩૮ લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યું હતું. જ્યારે, સુરતમાં રૂ. ૨૮.૨૮ લાખ, રાજકોટમાં રૂ. ૨૭ લાખ, વડોદરામાં રૂ. ૨૦.૬૦ લાખ, ભાવનગરમાં રૂ. ૧૮.૮૦ લાખ, જામનગરમાં રૂ. ૧૪.૭૫ લાખ તેમજ ગાંધીનગરમાં રૂ. ૧૪.૫૦ લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત ભાવનગર ખાતે યોજાયેલા મિલેટ મહોત્સવની બે દિવસમાં સૌથી વધુ ૮૧,૩૦૦ નાગરીકોએ મુલાકાત લીધી હતી. ત્યારબાદ સુરતમાં ૫૮,૨૦૦ નાગરિકોએ, અમદાવાદમાં ૪૫,૫૦૦ નાગરિકોએ, વડોદરામાં ૩૯,૦૦૦ નાગરીકોએ, રાજકોટમાં ૨૫,૭૦૦ નાગરિકોએ, જામનગરમાં ૨૬,૨૦૦ નાગરિકોએ તેમજ ગાંધીનગરમાં ૨૧,૮૦૦ નાગરિકોએ મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની મુલાકાત લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મિલેટ્સ ઉત્પાદનોના વેચાણ માટે કુલ ૧૮૦ સ્ટોલ, પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે કુલ ૧૬૯ સ્ટોલ, મિલેટ અને પ્રાકૃતિક પેદાશોની વાનગીઓના વેચાણ માટે ૧૧૭ લાઈવ ફૂડ સ્ટોલ, રાજ્ય સરકારની વિવિધ સંસ્થાઓના ૪૨ સ્ટોલ, મધના વેચાણ માટે ૨૫ સ્ટોલ, હેન્ડીક્રાફ્ટ વેચાણ અને મનોરંજન માટે ૨૪ સ્ટોલ, ખેત ઉત્પાદનોના નિકાસ માટે ૨૨ સ્ટોલ, છોડ અને બિયારણના વેચાણ માટે ૧૫ સ્ટોલ તેમજ પ્રાકૃતિક કૃષિ ઈનપુટ્સના વેચાણ માટેના ૧૨ સ્ટોલ મળીને કુલ ૬૦૬ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### પરિવહન વિભાગના ૬ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હીમાં સરકાર બદલાતાંની સાથે જ પરિવહન વિભાગના ૬ અધિકારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. CBIએ ભ્રષ્ટાચાર અને લાંચના આરોપમાં દિલ્હી પરિવહન વિભાગના ૬ અધિકારીઓની ધરપકડ કરી છે. અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે, તાજેતરની ચૂંટણીમાં સત્તારુઢ આમઆદમીપાર્ટીનીહારપછીરાજધાનીમાં આ પહેલી મોટી કાર્યવાહી છે. મંગળવારે સાંજે આ તમામને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર સામે એજન્સીને ફરિયાદો મળી રહી હતી. આ મામલે CBI એ જણાવ્યું કે, ધરપકડ કરતાં પહેલા ફરિયાદોનું નિરીક્ષણ અને ચકાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફરિયાદોની ચકાસણીમાં પ્રથમ દષ્ટિએ વિવિધ સ્તરે ભ્રષ્ટાચારના સંકેતો મળ્યા છે, જેના પગલે અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. હાલમાં આ તમામની પૂછપરછ ચાલી રહી છે. એક અહેવાલ પ્રમાણે CBIના સૂત્રોએ જણાવ્યું કે, ગઈકાલે સાંજે દિલ્હી પરિવહન વિભાગના અધિકારીઓની અટકાયત કરવામાં આવી છે. આ તમામે ખાખી વર્દી પહેરી હતી. તેઓ વર્દીનો દુરુપયોગ કરી રહ્યા હતા. તેઓ રસ્તાઓ પર દોડતા વાહનો પાસેથી ચલણ વસૂલતા હતા. આ જ આરોપો પર ઝ્રમ્ૈંએ તેમની સામે તપાસ શરુ કરી હતી. ઝ્રમ્ૈંને જાણવા મળ્યું કે ૬_૪ અને_૫ સ્તરના કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો પ્રથમ દષ્ટિએ સાચા હતા. ત્યારે હવે આજે સવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

### ફ્રાન્સ પ્રમુખ મેક્રોંએ પીએમ નરેન્દ્ર મોદીનું અપમાન કર્યુ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી AI એક્શન સમિટમાં સામેલ થવા માટે ફ્રાન્સ પહોંચ્યા હતા. ત્યાં તેમણે સમિટને સંબોધી પણ હતી. જોકે આ દરમિયાન એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જે AI એક્શન સમિટ શરુ થઈ તે પહેલાંનો છે, જેમાં ફ્રાન્સના પ્રમુખ મેક્રોં વિવિધ દેશોના મહેમાનો અને દિગ્ગજો સાથે હાથ મિલાવીને તેમનું અભિવાદન કરી રહ્યા હતા. જોકે આ દરમિયાન પીએમ મોદી સાથે એક વિચિત્ર ઘટના બની જે કેમેરામાં કેદ થઈ ગઈ. આમ તો એવા અનેક વીડિયો છે જેમાં પીએમ મોદી અને ફ્રાન્સ પ્રમુખ મેક્રોં એકબીજાની સાથે દેખાઈ રહ્યા છે અને ગળે ભેટતાં પણ દેખાઈ રહ્યા છે. જોકે એક વીડિયો એવો સામે આવ્યો છે જેમાં મેક્રોં અન્ય કેટલાક દેશો અને યુએનના મહાસચિવ સાથે હાથ મિલાવતા દેખાય છે પણ આ દરમિયાન જ પીએમ મોદી જે તેમની તરફ હાથ મિલાવવા હાથ આગળ કરે છે.

### મુંબઈમાં ગુલિયન-બેરે સિન્ડ્રોમ'ને કારણે પ્રથમ મૃત્ય થયું



। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

ઘણા દિવસોથી ગંભીર સ્થિતિમાં હતો અને મંગળવારે તેનું મૃત્યુ થયું હતું. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર અને રાજ્ય-નિયુક્ત પ્રશાસક ભૂષણ ગગરાણીએ પુષ્ટિ કરી છે કેને કારણે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં આ પ્રથમ મૃત્યુ છે. ગુઈલેન-બેરે સિન્ડ્રોમને કારણે મૃત્યુનો પહેલો કેસ મુંબઈમાં નોંધાયો છે. મુંબઈની એક હોસ્પિટલમાં ૫૩ વર્ષીય વ્યક્તિનું ગુઈલેન-બેરે સિન્ડ્રોમથી મૃત્યુ થયું છે. અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી. તેણે કહ્યું કે દર્દી, વડાલા વિસ્તારનો રહેવાસી અને હોસ્પિટલમાં વોર્ડ બોય તરીકે કામ કરતો, પખવાડિયા પહેલા પુણે ગયો હતો. આ સમયગાળા દરમિયાન, તેમનામાં જીબીએસનો પ્રકોપ જોવા મળ્યો હતો. તેમને ૨૩ જાન્યુઆરીએ અહીંની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.અધિકારીઓએ જણાવ્યું હતું કે તે ઘણા દિવસોથી ગંભીર સ્થિતિમાં હતો અને મંગળવારે તેનું મૃત્યુ થયું હતું. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર અને રાજ્ય-નિયુક્ત પ્રશાસક ભૂષણ ગગરાણીએ પુષ્ટિ કરી છે.

### આગામી એઆઈ એક્શન સમિટ ભારતમાં યોજવાના પ્રસ્તાવને ફ્રાન્સનું સમર્થન

# AIને વિશ્વસનીય, પારદર્શક અને પૂર્વગ્રહોથી મુક્ત બનાવવું જરૂરીઃ વડાપ્રધાન



। (એજન્સી) પેરિસ, તા.૧૨ ।

હાલ વિશ્વભરમાં ચર્ચાનું કેન્દ્ર બનેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) રાજકારણ, અર્થતંત્ર, સુરક્ષા અને સમાજ સહિતની તમામ વસ્તુઓમાં પરિવર્તન લાવી રહી હોવાનું જણાવતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને વધુ વિશ્વસનીય, પારદર્શક અને પૂર્વાગ્રહોથી મુક્ત બનાવવા પર ભાર મુક્યો હતો. આ ઉપરાંત વડાપ્રધાને આગામી એઆઈ એક્શન સમિટ ભારતમાં યોજવાનો પણ પ્રસ્તાવ મુક્યો હતો. આ પ્રસ્તાવને ફ્રાન્સે સમર્થન આપ્યું હતું. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં સાથે અહીં યોજાઈ રહેલી એઆઈ એક્શન સમિટની સહઅધ્યક્ષતા કરી રહેલાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, એઆઈ આ સદીમાં માનવતા માટે કોડ લખી રહી છે. એઆઈ માટે એક વૈશ્વિક માળખું રચવા માટે સામુહિક પ્રયાસો કરવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાર મુક્યો હતો. આપણે ટેક્નોલોજીને મુક્ત કરી લોકોને ઉપયોગી હોય તેવી એપ્લિકેશન્સનું નિર્માણ કરવું જોઈએ. આપણે સાયબર સિક્યુરિટી, ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતીઓ અને ડીપ ફેક જેવી ચિંતાઓનું નિવારણ કરવું જોઈએ. પૂર્વાગ્રહથી મુક્ત ગુણવત્તાયુક્ત ડેટાસેટ્સ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મુકતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, ટેક્નોલોજી અસરકારક અને ઉપયોગી નિવડે તે માટે સ્થાનિક પરિસ્થિતિઓને અનુરૂપ હોવી જોઈએ. આપણાં સામુહિક મૂલ્યોને જાળવી રાખવા, જોખમોનો ઉકેલ લાવવા તથા વિશ્વાસ સ્થાપિત કરવા માટે એઆઈના સંચાલન અને માપદંડ નિર્ધારિત કરવા માટે વૈશ્વિક પ્રયાસોની જરૂર હોવાનું જણાવતાં વડાપ્રધાને ઉમેર્યુ હતું કે, સંચાલનનો અર્થ માત્ર જોખમોના સમાધાન કે હરીફાઈ પૂરતો મર્યાદિત નથી પરંતુ તેમાં સંશોધનને પ્રોત્સાહન આપી વૈશ્વિક સુખાકારી માટે તેનો અમલ કરવાનો છે. અમેરિકા, બ્રિટને એઆઈ ડેક્લેરેશન પર હસ્તાક્ષર ના કર્યાઃ અમેરિકા અને યુનાઈટેડ કિંગડમે પેરિસમાં યોજાઈ રહેલી વૈશ્વિક એઆઈ એક્શન સમિટના આંતરરાષ્ટ્રીય કરાર પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો. ભારત, ફ્રાન્સ ઉપરાંત ચીન સહિતના દેશોએ આ ટેક્નોલોજીના વિકાસ માટે મુક્ત, સમાવેશક અને નીતિગત અભિગમ અપનાવવાની પ્રતિબદ્ધતા દાખવતા આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં. યુકેએ હસ્તાક્ષર નહીં કરવાનું કારણ આપતાં જણાવ્યું હતું કે, તે આ એગ્રીમેન્ટના કેટલાંક ભાગ સાથે સહમત નથી. આ અગાઉ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે પણ હસ્તાક્ષર કરવાનો ઈનકાર કરતાં જણાવ્યું હતું કે, વધુ પડતાં નિયમોને કારણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉભરી રહેલો ઉદ્યોગ શરૂ થવાની સાથે જ નષ્ટ થઈ જશે.

### ટ્રમ્પને મોટો ઝટકો

# અરબ દેશો ગાઝા અંગેનો પ્લાન સ્વીકારવા તૈયાર નથી, જોર્ડને ખરીખોટી સંભળાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા પ્લેન રજુ કર્યો હતો. જેને લઈને અરબ દુનિયાએ તીખી પ્રતિક્રિયા આપી છે. અરબ લીગના મહાસચિવ અહમદ અબુલ ગેતે દુબઈમાં યોજાયેલી વર્લ્ડ ગવર્મેન્ટ સમિટમાં કહ્યું હતું કે, 'પેલેસ્ટિનિયનોને ગાઝા અને વેસ્ટ બેંકમાં વિસ્થાપિત કરવા એ અરબ દેશોને અસ્વીકાર્ય છે. અરબ દુનિયા છેલ્લા ૧૦૦ વર્ષથી આ વિચાર સામે લડતા રહી છે.' આ સિવાય જોર્ડનના કિંગ અબ્દુલ્લા દ્રિતીયએ પણ ટ્રમ્પને સાથે બેઠકમાં જણાવ્યું હતું કે, 'મારો દેશ પેલેસ્ટિનિયનોને વિસ્થાપિત કરવા અંગેના કોઈ પણ પ્રયાસને સ્વીકારશે નહીં. અમે માનવીય આધારે ૨૦૦૦ બિમાર બાળકોને શરણ આપીશું.' કિંગ અબ્દુલ્લા દ્રિતીયનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જયારે ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા પર અમેરિકા નિયંત્રણ મેળવી શકે છે તેવું નિવેદન



આપ્યું હતું અને ત્યાં એક પ્રવાસન સ્થળ બનાવવાની વાત કહી હતી. આ વાત પેલેસ્ટિનિયનોને પોતાના જ ઘરમાંથી બહાર કાઢી નાખવા માટેની છે. જે અરબ દેશોને કોઈ પણ સંગોજોમાં સ્વીકાર્ય નથી. ટ્રમ્પે બેઠકમાં કિંગ અબ્દુલ્લાને કહ્યું હતું કે, 'અમે ગાઝા પર નિયંત્રણ મેળવીશું અને તેને જાળવી રાખીશું. જો કે, હું વ્યક્તિગત રીતે ત્યાં કોઈ રિયલ એસ્ટેટમાં રોકાણ કરીશ નહીં.' ડોનાલ્ડ ટ્રમ્પને સમજાવવાની કોશિશ કરતા કિંગ અબ્દુલ્લાહે કહ્યું હતું કે, ઈજીપ્ત આ મુદાને લઈને એક વ્યાપક યોજના બનાવી રહ્યું છે. આપણે રાહ જોવી જોઈએ કે ઈજીપ્ત શું પ્રસ્તાવ લાવે છે અને પછી અમે રિયાધમાં આ પ્રસ્તાવ અંગે ચર્ચા કરીશું.' ઈજીપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલ સીસીએ પણ ગાઝાનું પુનર્નિર્માણ કરવાનું સમર્થન કર્યું હતું. પરંતુ પેલેસ્ટિનિયનોને વિસ્થાપિત કરવાની યોજનાને સ્પષ્ટપણે નકારી કાઢી હતી. હકીકતમાં જોર્ડનને અમેરિકા પાસેથી દર વર્ષે લગભગ ૪૫૦ મિલિયન ડોલરની આર્થિક મદદ અને ૩૫૦ મિલિયન ડોલરની સૈન્ય મદદ મળે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ટ્રમ્પ આ મદદને રોકવાની ધમકી આપીને જોર્ડન અને અન્ય અરબ દેશો પર દબાણ વધારી રહ્યા છે. જો કે, કિંગ અબ્દુલ્લાએ સંકેત આપ્યો છે કે, 'અમારા દેશનું વલણ મક્કમ છે.' હવે બધાની નજર આગામી રિયાધ બેઠક પર ટકેલી છે, જ્યાં ટ્રમ્પના આ વિવાદાસ્પદ પ્રસ્તાવ પર આરબ દેશો તેમની વ્યૂહનીતિ નક્કી કરશે

### NASAએ આપી ગુડ ન્યૂઝ

# સુનિતા વિલિયમ્સ જલદી જ પૃથ્વી પર પાછી ફરશે!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અંતરિક્ષમાં ફસાયેલા સુનિતા વિલિયમ્સની વાપસીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. નાસા અને સ્પેસએક્સ એજન્સીના સ્પેસએક્સ ક્રૂ-૯ અંતરિક્ષ યાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને શક્ય તેટલી વહેલી તકે સુરક્ષિત રીતે પાછા લાવવા માટે ઝડપથી કામ કરી રહ્યા છે. NASAએ જાણકારી આપી છે કે, બંને અંતરિક્ષ યાત્રીઓને નિર્ધારિત સમય પહેલા પૃથ્વી પર પાછા લાવી શકાય છે. બંને અંતરિક્ષ યાત્રીઓ ગત વર્ષે જૂનથી અંતરિક્ષમાં ફસાયેલા છે. NASAએ મંગળવારે કહ્યું કે, સ્પેસએક્સ આગામી અંતરિક્ષ યાત્રીની ઉડાન માટે કેપ્સૂલ બદલશે જેથી બુચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સને માર્ચના અંતમાં અથવા એપ્રિલની શરૂઆતમાં નહીં, પરંતુ માર્ચના મધ્યમાં પૃથ્વી પર પરત લાવી શકાય. બુચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સ જૂન ૨૦૨૪માં બોઈંગના સ્ટારલાઈનર અવકાશ યાનમાં સવાર થઈન ISS માટે રવાના થયા હતા. બંને અંતરિક્ષ યાત્રીઓને અંતરિક્ષમાં માત્ર ૧૦ જ દિવસ વિતાવવાના હતા. સ્પેસ સ્ટેશન પર પહોંચ્યા બાદ નાસા અને બોઈંગે અંતરિક્ષ યાનની સમસ્યાઓને વધુ સારી રીતે સમજવા માટે અઠવાડિયા સુધી કામ કર્યું પરંતુ આખરે નક્કી કર્યું કે સ્ટારલાઈનરને



ક્રૂ સાથે પરત કરવું ખૂબ મુશ્કેલ છે. નાસાએ મંગળવારે જણાવ્યું કે, એજન્સીનું ક્રૂ-૧૦ લોન્ચ હવે મિશનની તૈયારીઓ પૂર્ણ થયા પછી અને એજન્સીની ફ્લાઈટ રેડીનેસ પ્રક્રિયાની માન્યતા પૂર્ણ થયા પછી ૧૨ માર્ચે કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ સતત સુનિતા વિલિયમ્સની વાપસી અંગે માહિતી લઈ રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રૂથ સોશિયલ' પર જણાવ્યું હતું કે તેમણે ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સને માર્ચના અંત સુધીમાં બંને અંતરિક્ષ યાત્રીઓની વાપસીસુનિશ્ચિત કરવા કહ્યું છે. આશા છે કે તેઓ બધા ત્યાં સુરક્ષિત હશે. આ અંતરિક્ષ યાત્રીઓ લાંબા સમયથી વાપસીની રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ ઈલોન મસ્કે પણ પોતાની એક પોસ્ટમાં કહ્યું છે કે, આ ખૂબ જ ભયાવહ છે કે બાઈડેન વહીવટીતંત્રે આ અંતરિક્ષ યાત્રીઓને લાંબા સમયથી ત્યાં છોડી દીધા છે.



મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવએ ભોપાલમાં રવિદાસ જયંતિ પર વંદન કર્યા.

# EVM ડેટા ડિલીટ ન કરશો ચૂંટણી પંચને સુપ્રીમનો નિર્દેશ

। નવી દિલ્હી, તા.૧૨ ।

સુપ્રીમ કોર્ટે EVMની ચકાસણી અંગે નીતિ ઘડવાની માંગ કરતી અરજીઓ પર સુનાવણી કરી હતી. CJI સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે ચૂંટણી પંચને સુનાવણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી EVMમાં કોઈપણ ડેટા ફરીથી લોડ ન કરવાનો કે ડિલીટ ન કરવાનો નિર્દેશ આપ્યો છે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ કોઈ વિરોધ નથી. જો હારેલા ઉમેદવારને સ્પષ્ટતાની જરૂર હોય તો એન્જિનિયર સ્પષ્ટતા કરી શકે છે કે કોઈ છેડછાડ થઈ નથી. જેથી ચૂંટણી પંચે હવે સુપ્રીમ કોર્ટને EVMની મેમરી અને માઈક્રો કંટ્રોલર ડિલીટ કરવાની સમગ્ર પ્રક્રિયા વિશે માહિતી આપવી પડશે. કોર્ટે આદેશ આપ્યો કે તેઓ (ECI) તેનો અમલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમને ખબર નથી કે તમારામાંથી કોણ સાચું છે. અમે ફક્ત જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. કોર્ટે ચૂંટણી પંચને આ મુદ્દે ૧૫ દિવસમાં પોતાનો જવાબ દાખલ કરવા જણાવ્યું છે. આગામી સુનાવણી ૩ માર્ચથી શરૂ થતા અઠવાડિયામાં થશે. મહત્વનું છે કે, આ અરજી હરિયાણાના ભૂતપૂર્વ મંત્રી કરણ સિંહ દલાલ, ૫ વખતના ધારાસભ્ય લખન કુમાર સિંગલ અને એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

### રેગિંગની ભયાનક કીસ્સો સામે આવ્યો

# પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા નગ્ન ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી

। (એજન્સી) કેરળ, તા.૧૨ ।

કેરળની એક મેડિકલ કોલેજમાંથી રેગિંગની એક ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે જેમાં સિનિયર્સે પહેલા જુનિયર વિદ્યાર્થીઓને છીનવી લીધા અને તેમને નગ્ન કર્યા અને પછી તેમના પ્રાઈવેટ પાર્ટ પર ડમ્બેલ્સ લટકાવી દીધા. આટલું જ નહીં, તે પછી સિનિયરોએ તેના પર ભૂમિતિ બોક્સના કંપાસથી વારંવાર હુમલો કર્યો અને ત્રણ મહિના સુધી તેને ખરાબ રીતે માર્યો. કેરળની એક સરકારી કોલેજમાં બનેલી રેગિંગની ઘટનાએ લોકોને ચોંકાવી દીધા છે, જ્યાં નર્સિંગના ત્રીજા વર્ષના પાંચ વિદ્યાર્થીઓને તેમના જુનિયરોને મહિનાઓ સુધી ઘાતકી શારીરિક અને માનસિક શોષણ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. સિનિયરોએ તેના પર ભૂમિતિ બોક્સના કંપાસથી વારંવાર હુમલો કર્યો અને ત્રણ મહિના સુધી તેને ખરાબ રીતે માર્યો. આ ઘટના કોટ્ટયમની સરકારી નર્સિંગ કૉલેજમાંબનીહતી, જ્યાંપ્રથમવર્ષનાત્રણ વિદ્યાર્થીઓ, તમામ તિરુવનંતપુરમના, કોટ્ટયમ ગાંધીનગર પોલીસમાં ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી, જેમાં નવેમ્બર



૨૦૨૪ માં શરૂ થયેલા હિંસક કૃત્યો અને લગભગ ત્રણ મહિના સુધી ચાલુ રહેલા હિંસક કૃત્યોનો ખુલાસો થયો હતો. ફરિયાદના પગલે આરોપી વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને એન્ટી-રેગિંગ એક્ટ હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા નગ્ન ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી હતી જ્યારે તેમના વરિષ્ઠ વિદ્યાર્થીઓએ તેમના પ્રાઈવેટ પાર્ટમાંથી ડમ્બેલ લટકાવી દીધા હતા. પીડિતોને ભૂમિતિ બોક્સમાંથી હોકાયંત્ર સહિત તીક્ષ્ણ વસ્તુઓનો ઉપયોગ કરીને ઈજાઓ પણ કરવામાં આવી હતી. તેની ક્રૂરતા અહીં અટકી ન હતી. ઘાવ પર લોશન લગાવવામાં આવ્યું, જેનાથી દુખાવો થવા લાગ્યો. જ્યારે પીડિતોએ પીડાથી ચીસો પાડવાનું શરૂ કર્યું, ત્યારે તેમના મોંમાં લોશન બળજબરીથી ભરાઈ ગયું. વરિષ્ઠોએ કથિત રીતે આ કૃત્યોનું ફિલ્માંકન કર્યું અને જુનિયરોને ધમકી આપી કે જો તેઓ દુરુપયોગની જાણ કરવાની હિંમત કરશે તો તેમની કારકિર્દી સમાપ્ત થઈ જશે. ફરિયાદમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સિનિયર્સ નિયમિતપણે જૂનિયર્સ પાસેથી રવિવારે દારૂ ખરીદવા માટે પૈસા એકઠા કરતા હતા. આ આદેશનું પાલન કરવાનો ઈનકાર કરનારાઓને માર મારવામાં આવ્યો હતો. એક વિદ્યાર્થી, જે હવે સતામણી સહન કરી શકતો ન હતો, તેણે તેના પિતાને બધું કહ્યું, જેણે તેને પોલીસનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કર્યા. પાંચેય આરોપી વિદ્યાર્થીઓ હાલમાં પોલીસ કસ્ટડીમાં છે અને બુધવારે બપોરે તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે.

# પુણેમાં ગુઇલેન બેરી સિન્ડ્રોમનો કહેર યથાવત, અત્યાર સુધીમાં ૧૯૭ કેસ

**પુણેના પાંચ દર્દીઓમાં ૨ નવા કેસ અને ૩ અગાઉના કેસ સામેલ છે આ બીમારીને કારણે દેશમાં અત્યાર સુધીમાં કુલ સાત લોકોના મોત થયા છે**

। (એજન્સી) પુણે, તા.૧૨ ।

પુણે,મહારાષ્ટ્રમાં ગુઈલિયન-બેરી સિન્ડ્રોમ કેસોની સંખ્યામાં વધારો થયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે પુણે વિસ્તારમાં ગુલિયન-બેરી સિન્ડ્રોમના શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા કેસોની સંખ્યા ૧૯૭ પર પહોંચી ગઈ છે. આ નર્વ ડિસઓર્ડરના વધુ પાંચ દર્દીઓ મળી આવ્યા છે. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે પુણેના પાંચ દર્દીઓમાં ૨ નવા કેસ અને ૩ અગાઉના કેસ સામેલ છે.

આ બીમારીને કારણે દેશમાં અત્યાર સુધીમાં કુલ સાત લોકોના મોત થયા છે. આરોગ્ય વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે કે ૧૯૭ કેસમાંથી ૧૭૨ જીબીએસ સંબંધિત કેસોની સારવાર કરવામાં આવી છે. લગભગ ૪૦ દર્દીઓ પુણેમ્યુનિસિપલકોર્પોરેશનવિસ્તારનાછે,૯૨ પીએમસીમાં નવા ઉમેરાયેલા ગામોમાંથી, ૨૯ પિંપરી ચિંચવડ સિવિલ લિમિટના, ૨૮ પુણે ગ્રામીણ અને આઠ અન્ય જિલ્લાના છે. "૧૦૪ દર્દીઓને રજા આપવામાં આવી છે, ૫૦ ICUમાં છે અને ૨૦ વેન્ટિલેટર સપોર્ટ પર છે." તેમણે કહ્યું કે આ વિસ્તારમાં જીબીએસના કારણે શંકાસ્પદ મૃત્યુની સંખ્યા સાત છે. જીબીએસ એ એક દુર્લભ સ્થિતિ છે જેમાં વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ પેરિફેરલ ચેતા પર હુમલો કરે છે, પરિણામે સ્નાયુઓની નબળાઈ, પગ અને હાથોમાં સંવેદના ગુમાવવી, તેમજ ગળી જવા અથવા શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

ગુલિયન બેરી સિન્ડ્રોમ એક દુર્લભ ન્યુરોલોજીકલ રોગ છે. સામાન્ય રીતે તેના કિસ્સાઓ જોવા મળતા નથી. ડોક્ટરોના મતે આમાં પેરિફેરલ નર્વ્સને નુકસાન થાય છે. જેના કારણે હાથ-પગમાં નબળાઈ આવવા લાગે છે. આ એક ગંભીર ન્યુરોલોજીકલ રોગ છે. આવી સ્થિતિમાં, જો સમયસર તપાસ અને સારવાર કરવામાં આવે તો દર્દી સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ શકે છે.

ગુઈલેન બેરી સિન્ડ્રોમ સામાન્ય રીતે હાથ અને પગમાં કળતર અને નબળાઈ સાથે શરૂ થાય છે. આ લક્ષણો ઝડપથી ફેલાઈ શકે છે અને લકવોમાં ફેરવાઈ શકે છે. તેના પ્રારંભિક લક્ષણો હોઈ શકે છે.

## તંત્રી લેખ...

### સુપ્રીમ કોર્ટે ચૂંટણી પહેલા મફત યોજનાઓ પર ભારે નારાજગી વ્યક્ત કરી

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પહેલા મફત યોજનાઓ પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટ કહે છે કે મફતના કારણે લોકો કામ કરવા તૈયાર નથી. બુધવારે શહેરી વિસ્તારોમાં બેઘર લોકો સંબંધિત કેસની સુનાવણી કોર્ટમાં ચાલી રહી હતી. હાલમાં, આ મામલાની સુનાવણી ૬ અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં, જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચ શહેરી વિસ્તારોમાં બેઘર લોકો માટે ઘરના અધિકાર સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. જસ્ટિસ ગવઈએ કહ્યું, 'દુર્ભાગ્યવશ, આ મફત સુવિધાઓને કારણેપ લોકો કામ કરવા તૈયાર નથી.' તેમને મફત રાશન મળી રહ્યું છે. તેમને કોઈ કામ કર્યા વિના પૈસા મળી રહ્યા છે.બેન્ચે કહ્યું, 'અમે તેમના પ્રત્યેની તમારી ચિંતા સમજીએ છીએ, પરંતુ શું તે વધુ સારું નહીં હોય જો તેઓ પણ સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાય અને તેમને પણ દેશના વિકાસમાં યોગદાન આપવાની તક મળે?' એટર્ની જનરલ આર. વેંકટરામણીએ બેન્ચને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર શહેરી ગરીબી નાબૂદી મિશનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે, જે શહેરી વિસ્તારોમાં બેઘર લોકોને આશ્રય આપવા સહિત વિવિધ મુદ્દાઓને સંબોધશે. બેન્ચે એટર્ની જનરલને કેન્દ્ર સરકારને પૂછવાનો નિર્દેશ આપ્યો કે શહેરી ગરીબી નાબૂદી મિશનને લાગુ કરવામાં કેટલો સમય લાગશે.

### ભારત ન્યૂ યોર્ક ખાતે સામાજિક વિકાસ આયોગના ૬૩મા સત્રમાં સામેલ

મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી સાવિત્રી ઠાકુર મંત્રીમંડળમાં ભારતનું નિવેદન આપશે, જેમાં "એકતા અને સામાજિક એકતાને મજબૂત બનાવવી" વિષય પર પ્રાથમિકતા આપવામાં આવશે, ભારતે "મહિલા-આગેવાની હેઠળના વિકાસ"ના સૂત્રને અપનાવ્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે વિકાસના માર્ગને આકાર આપવામાં મહિલાઓ મુખ્ય ભૂમિકા ભજવે છેઃ શ્રીમતી ઠાકુર, ભારતે જેન્ડર ડિજિટલ વિભાજનને દૂર કરવા, ડિજિટલ અને નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લાખો મહિલા ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવતા મોટા પાયે કાર્યક્રમો શરૂ કર્યા છે. ભારતે ૧૦ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન ન્યુ યોર્ક, યુએસએ ખાતે યોજાયેલા સામાજિક વિકાસ આયોગ (CSoCD)ના ૬૩મા સત્રમાં ભાગ લીધો હતો. આ સહભાગિતાનું નેતૃત્વ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના રાજ્યમંત્રી શ્રીમતી સાવિત્રી ઠાકુરે કર્યું હતું. આ સત્રનો ઉદ્દેશ્ય સામાજિક વિકાસ પડકારોને દબાવવા પર ચર્ચાઓ અને સહયોગને પ્રોત્સાહન આપવાનો હતો, જેમાં સમાવિષ્ટ સામાજિક નીતિઓને આગળ વધારવા અને વૈશ્વિક સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સત્રમાં ફ્રાન્સ, તુર્કી, સાઉદી અરેબિયા, સ્વીડન વગેરે જેવા ૧૬ દેશોના મંત્રીઓ સહિત ૪૯ દેશોની ભાગીદારી જોવા મળી હતી. ભારતની હિસ્સેદારીમાં મુખ્ય ચર્ચાઓમાં સક્રિય ભાગીદારીનો સમાવેશ થાય છે. મંગળવાર, ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ, શ્રીમતી સાવિત્રી ઠાકુરે મંત્રી મંડળ ફોરમમાં ભારતનું નિવેદન આપ્યું હતું, જેમાં પ્રાથમિકતાની થીમ પર સંબોધન કર્યું હતુંઃ "એકતા અને સામાજિક એકતાને મજબૂત બનાવવી." ભારતે કોઈ પણ વ્યક્તિ પાછળ ન રહી જાય તેની ખાતરી કરવા માટે એકતા અને સામાજિક એકતાને મજબૂત કરવાના મહત્વ પર ચર્ચા કરવામાં તેના નેતૃત્વ માટે કમિશનની પ્રશંસા કરી હતી. સામાજિક વિકાસ પર ૧૯૯૫માં કોપનહેગન શિખર સંમેલનથી લઈને અત્યાર સુધી ભારતે ગરીબી, કુપોષણ અને સાર્વત્રિક સ્વાસ્થ્ય સેવાને દૂર કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, ત્યારે સ્થાયી વિકાસ માટે ડિજિટલ જાહેર માળખામાં પણ અગ્રેસરતા દાખવી છે. વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ પદ્ધતિઓ સાથે જોડાણ કરીને અને સ્વદેશી સમાધાનો વિકસાવીને ભારત વૈશ્વિક દક્ષિણ માટે આદર્શ બની ગયું છે. સત્રને સંબોધન કરતી વખતે મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત સર્વસમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ" (સૌનો વિકાસ)નાં વિઝનથી પ્રેરિત છે. જેએએમ ટ્રિનિટી (જન ધન, આધાર, મોબાઇલ) જેવી પહેલો મારફતે ભારતે વંચિત સમુદાયો, ખાસ કરીને મહિલાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને વૃદ્ધો માટે નાણાકીય સર્વસમાવેશકતા હાંસલ કરી છે. દેશે "મહિલાઓની આગેવાની હેઠળના વિકાસ"ને પણ અપનાવ્યો છે, જે સુનિશ્ચિત કરે છે કે મહિલાઓ વિકાસના માર્ગને આકાર આપવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું હતું કે, ભારતે જેન્ડર ડિજિટલ વિભાજનને દૂર કરવા માટે મોટા પાયે કાર્યક્રમો શરૂ કર્યા છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપ્યું છે. તેનાથી લાખો મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન મળ્યું છે, જેમાં સ્ટાર્ટ-અપ્સથી માંડીને સ્કેલેબલ બિઝનેસ સામેલ છે. જ્યારે ભારત વિકાસ માટેના ૨૦૩૦ના એજન્ડા પર પ્રગતિને વેગ આપવા ભણી કામ કરી રહ્યું છે, ત્યારે મહિલાઓના કાર્યબળની ભાગીદારીમાં વધારો એ ચાવીરૂપ અગ્રતા છે. ભારતનાં મજબૂત સામાજિક સુરક્ષા મોડલમાં ૨૬ અઠવાડિયાની પેઈડ મેટરનિટી લીવ, ૩૭.૫ મિલિયન માતાઓ માટે માતૃત્વનો લાભ, વન સ્ટોપ સેન્ટરનું એક નેટવર્ક અને સંકલિત રાષ્ટ્રીય મહિલા હેલ્પલાઈન સામેલ છે. વધુમાં, ભારતની પ્રારંભિક બાળપણની સંભાળ, પોષણ અને શૈક્ષણિક પહેલોથી ૧૦૦ મિલિયન બાળકો, માતાઓ અને કિશોરીઓને લાભ થાય છે. ભારતે પ્રાથમિકતાના વિષય પર ઠરાવને ટેકો આપ્યો હતો અને બહુઆયામી ગરીબીને દૂર કરવા, સૌથી ગરીબ વસતિને આવશ્યક સેવાઓ પૂરી પાડવાની ખાતરી કરવા માટે સામાજિક સુરક્ષામાં સંતૃપ્તિની વિભાવના સાથે પ્રગતિ કરી રહ્યું છે. પ્રજોત્પતિ સ્વાસ્થ્ય સહિત સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ પ્રત્યે ભારતના અધિકાર-આધારિત અભિગમ અને સ્વચ્છ રાંધણ ઈંધણ, પીવાનું સુરક્ષિત પાણી, સ્વચ્છતા અને વાજબી આવાસની જોગવાઈએ મહિલાઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. ૪૦ મિલિયનથી વધુ ઘરો ગરીબો માટે બનાવવામાં આવ્યા છે, જેમાં મહિલાઓ એકમાત્ર અથવા સંયુક્ત માલિક છે. આશરે ૧૦૦ મિલિયન મહિલાઓને સ્વ-સહાય જૂથો (એસએચજી) સાથે જોડવામાં આવી છે, જેણે આર્થિક પરિવર્તન અને તળિયાના નેતૃત્વમાં ફાળો આપ્યો છે. નિષ્કર્ષમાં, ભારત વૈશ્વિક પ્રગતિને વેગ આપવા અને તમામ માટે ન્યાયી વિશ્વ તરફના કમિશનના પ્રયત્નોને ટેકો આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

**ગૃહસ્થાશ્રમ ભક્તિમાં બાધક નથી પણ સાધક છે, બાધક છે ગૃહાસક્તિ, ગૃહસ્થાશ્રમ કામા સક્તિ, દ્રવ્યાસક્તિ, વિષયાસક્તિ બાધક છે**

# વિશ્વમાં સૌથી વધુ સારું પુસ્તક આપણે પોતે છીએ, તમારી જાતને સમજો તમામ સમસ્યાઓનો ઉકેલ મળી જશે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે વસ્તુનું મન વારંવાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે, એક જ સ્વરૂપનું વારંવાર ધ્યાન કરો, સ્મરણ કરો, ચિંતન કરો તો તમે એ સ્વરૂપમય બની જશો, એક શેઠ કાશ્મીર ગયા હતા,ત્યાં તેમણે પુષ્કળ ગુલાબનાં ફૂલ જોયાં, શેઠનામનમાં દ્રવ્યનો ભાવ હતો એટલે શેઠને થયું, અહીં ગુલકંદની ફેક્ટરી ખોલી હોય તો વેપાર સારો ચાલે, શેઠની આંખમાં કેવળ દ્રવ્યનો ભાવ હતો, તેથી તેમને બધે પૈસો જ દેખાય છે, તેવી રીતે દષ્ટિને ભાગવતમય બનાવશો તો દષ્ટિ જ્યાં જશે ત્યાં ભગવાન દેખાશ, ગોપીની દષ્ટિ પરમાત્મામાં જ હતી.**

માઘ પૂર્ણિમાએ અમૃત સ્નાનમાં અને ૫૧ શક્તિપીઠ ત્રિ દિવસીય પરિક્રમા માટે અંબાજીમાં માનવ મહેરામણ ઉમટયો આજે હળવાશ સાથે રાજ્યના ગ્રામ્ય વિસ્તારની પ્રજાને એસ ટી બસના દર્શન થશે. લગ્નની સિઝનમાં તંત્ર દ્વારા અચાનક લોકલ એસ ટી બસો બંધ કરી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે પણ બોલે કોણ ? આ માનસિકતા અત્યારે થઈ છે. નગર પાલિકાઓમાં કોનો કેટલો વિકાસ અને દબાણો થયા તેનો સાચો સર્વે કરે કોણ? આ બધા પ્રશ્નો વચ્ચે લોકો વોટ તો આપે જ છે એટલે આપણે રામ રામ કરી આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો દિતિ એટલે ભેદબુદ્ધિ, અદિતિ એટલે અભેદ બુદ્ધિ-બ્રહ્માકારવૃત્તિ દિતિ એટલે ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ- હિરણ્યકશિપુ જેવા રાક્ષસોના જન્મ થાય છે. અદિતિ એટલે અમેદબુદ્ધિમાંથી ભગવાન વામન જન્મે છે. જગતને ભેદભાવથી જોશો નહીં.જગતને અભેદભાવથી જોવાનું છે.આકારએ કિંમતી વસ્તુ નથી, સોનું એ કિંમતી વસ્તુ છે. કિંમત સોનાની મળે છે, આકારની નહીં.માટે મૂળ પદાર્થને જુઓ.એક મહાત્મા પાસેસોનાનો ગણપતિ અને સોનાનો ઉંદર હતો. શરીર વૃદ્ધ થયું.મૂર્તિ માટે આ ચેલાઓ ઝઘડો કરશે.તેથી મહાત્માએ વિચાર્યુંકે,આ મૂર્તિઓ વેચી ભંડારો કરીશ.મૂર્તિઓવેચવા લઈ ગયા.ગણપતિની મૂર્તિ દસ તોલાની થઈ. ઉંદરની મૂર્તિ અગિયાર તોલા ની થઈ.સોનીએ કહ્યું કે, ગણપતિ ની કિંમત એક હજાર રૂપિયા અને ઉંદરની૧૧૦૦ રૂપિયા. મહાત્મા કહે,ગણપતિ તો માલિક દેવ છે. તેની કિંમત ઓછી કેમ આપે છે?સોની કહે, હું તો સોનાની કિંમત આપું છું,માલિક દેવની નહીં.મારે મન ગણપતિનથી આ ઉંદર નથી.આ સોનું છે.તેમ જ્ઞાનીપુરુષો આકારને જોતા નથી જ્ઞાનીપુરુષો સૃષ્ટિને નિર્વિકારભાવે જુએ છે. સર્વમાં એકને નિહાળો. અદિતિને પતિમાં પણ પરમાત્માનાં દર્શન થતાં હતાં. જે વસ્તુનું મન વારંવાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે.એક જ સ્વરૂપનું વારં વાર ધ્યાન કરો, સ્મરણ કરો, ચિંતન કરો તો તમે એ સ્વરૂપ મય બની જશો. એક શેઠ કાશ્મીર ગયા હતા, ત્યાં તેમણે પુષ્કળ ગુલાબનાં ફૂલ જોયાં.શેઠનામનમાં દ્રવ્યનો ભાવ હતો એટલે શેઠને થયું,અહીં ગુલકંદની ફેક્ટરી ખોલી હોય તો વેપાર સારો ચાલે. શેઠની આંખમાં કેવળ દ્રવ્યનો ભાવ હતો, તેથી તેમને બધે પૈસો જ દેખાય છે.તેવી રીતે દષ્ટિને ભાગવતમય બનાવશો તો દષ્ટિ જ્યાં જશે ત્યાં ભગવાન દેખાશે. ગોપીની દષ્ટિ પરમાત્મામાં જ હતી શ્રીકૃષ્ણ મથુરામાં વિરાજતા હતા ત્યારે ગોપીનો શ્રીકૃષ્ણ ગોકુળમાં જ દેખાય છે. ઉદ્ધવને કહે છે કે, કનૈયો અહીં જ છે! ગોપીને બધું જ શ્રીકૃષ્ણમય, શ્યામ જ શ્યામ દેખાય છે. કુંજન શ્યામ,યમુના શ્યામ,ગગન શ્યામ, ઘનશ્યામ શિવનો કંઠ શ્યામ બધે શ્યામ રંગ છે. હવે કશ્યપનો અર્થ જુઓ.તે શબ્દને ઊલટાવો તો થશે પશ્યક. ઉપનિષદમાં ક નો અર્થ કર્યો છે ઈશ્વર. ક એટલે ઈશ્વર અને શ્યપ એટલે જોવું. સર્વમાં એક ઈશ્વરને જુએ તે કશ્યપ. કશ્યપની વૃત્તિ બ્રહ્માકાર બની ત્યારે ભગવાનને પ્રગટ થવું પડયું. ગૃહસ્થાશ્રમ ભક્તિમાં બાધક નથી પણ સાધક છે. બાધક છે ગૃહાસક્તિ,ગૃહસ્થાશ્રમ કામા સક્તિ,દ્રવ્યાસક્તિ, વિષયાસક્તિ બાધક છે. સંસારના વિષયોમાં સાચું સુખ હોય તો બધું છોડી મનુષ્યને નિદ્રા ની જરૂર શા માટે લાગે?વિષયોનો ત્યાગ કરી મનુષ્ય ને નિદ્રાની ઈચ્છા થાય છેતે બતાવે છે કે, વિષયોમાં સુખ નથી. જેમ અન્નનું સેવન રોજ કરો છો, તેમ વારંવાર સત્સંગની જરૂર છે. શરીર માટે અન્ન છે તેમ આત્મા માટે સત્સંગ છે. પ્રભુ કહે છે કે,હું અંતર્યામીરૂપે સર્વના હૃદયમાં વિરાજું છું, તેમ છતાં જો જીવ દુઃખી હોય તો એમાં દોષ કોનો? પાસે લાખનો હીરો હોય પણ તેની કિંમત ખબર ન હોય તો દોષ કોનો? આ દુઃખ અજ્ઞાનનું છે. બ્રહ્માકારવૃત્તિથી આ અજ્ઞાનનું તેમજ દુઃખનું નિવારણ થશે.અંદરનું નિરાકાર અને બહારનું સાકાર સ્વરૂપ એકત્ર થશે, ત્યારે વામનજી ભગવાન પ્રગટ થશે. અદિતિએ પયોવ્રત કર્યું.રાત્રે અદિતિને સ્વપ્રમાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.ભગવાને કહ્યું,મારા ચતુર્ભુજ સ્વરૂપને નિહાળો અને મારા ચતુર્ભુજ સ્વરૂપનું ધ્યાન સતત તમારા પતિ ના શરીરમાં કરશો તો હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. એક સ્વરૂપનું વારંવાર ચિંતન કરે એટલે તે અધિકારીનું સ્વરૂપ મનમાં ઠસી જાય છે. અદિતિ અને કશ્યપ નારાયણનું ધ્યાન કરે છે. અદિતિ અને કશ્યપ ની વૃત્તિ નારાયણ બની ગઈ ત્યારે નારાયણ પધાર્યા. ભાદરવા સુદ બારસ મધ્યાહ્નકાળે માતા અદિતિ સન્મુખ વામન ભગવાન પ્રગટ થયા. કશ્યપ દોડતા વામન ભગવાનનાં દર્શન કરવા આવ્યા. માતાપિતાને ભાન કરાવવા ભગવાને ચતુર્ભુજ સ્વરૂપ બતાવ્યું. હૃદયમાં આનંદ સમાતો નથી.ચતુર્ભુજ નારાયણનું સ્વરૂપ અદશ્ય થયું અને સાત વર્ષ ના બટુક વામન સ્વરૂપે પ્રગટ થયા સુંદર લંગોટી પહેરી છે.દિવ્યતેજ છે બ્રહ્માદિક દેવોએ કશ્યપને ધન્યવાદ આપ્યો કે,તમારો ગૃહ સ્થાશ્રમ સફળ થયો આજે તમે જગતના પણ પિતા બન્યા છે. વામનજીએ બાળલીલા કરી નથી, કારણકે પ્રગટ થયા ત્યારે સાત વર્ષના હતા. સાત વર્ષના બટુક વામનજીને જનોઈ આપવાનો નિર્ણય થયો. બ્રાહ્મણને જનોઈ આપવામાં આવે છે,ત્યારે તેનો બ્રહ્મસંબંધ થાય છે. જનોઇનો મંત્ર પિતા પુત્રને કહે છે, આજથી તું મારો નહીં,આજથી તું ઈશ્વરનો થયો. તે દિવસે છેલ્લું માતા સાથે ભોજન કરવામાં આવે છે. જનોઈ આપ્યા પછી માબાપ પણ બદલાય છે. પિતા થાય છે. સૂર્યનારાયણ અને માતા બને છે ગાયત્રી માતા. જનોઈ મે વેદોએ આપેલી ચપરાસ છે. એ ચપરાસ પહેરી જીવ કહે છે કે,હવે હું નારાયણનો સેવક છું. શાસ્ત્રોક્ત સંસ્કાર કરવાથી જીવની શુદ્ધિ થાય છે અને તેના નિષ્કૃષ્ઠ ભાવો ની ઉન્નતિ થાય છે. પણ સંસારની પરંપરા આજે નષ્ટ થઈ છે. તેથી સંયમ અને સદાચાર નષ્ટ થાય છે. જનોઈ હાથે બનાવવી જોઈએ. સૂતરને છન્નું વખત લપેટવું પડે છે.વેદોમાં કર્મ અને ઉપાસના ના મંત્રો છન્નું હજાર છે. તે ભણવાનો અધિકાર તેથી મળે છે. વેદના મંત્ર એક લાખ છે પણ ચાર હજાર મંત્રો સંન્યાસી માટે છે બાકીના છન્નું હજાર કર્મો અને ઉપાસનાના મંત્રોછે. જનોઈને બનાવનાર બ્રહ્મા અને ત્રિગુણાતિત કરનાર વિષ્ણુ છે જનોઇને ગાંઠ આપનાર શિવજી અને અભિમંત્રિત કરનાર ગાયત્રી દેવી છે.એક-એક ધાગામાં એક-એક દેવીની પ્રતિષ્ઠા કરવામાં આવે છે, તેથી તેને લોઢાનો સ્પર્શ ન કરાવવો. જનોઇનો હેતુ ચાવી લટકાવવા માટે નથી. વામનજી મહારાજને જનોઈ આપવામાં આવે છે. અદિતિ એ લંગોટી આપી છે.ધરતીએ બ્રહ્માએ કમંડળ,સરસ્વતી એ જપ માળા અને કુબેરે ભિક્ષાપાત્ર આપ્યું છે. પ્રાતઃસંધ્યાથી રાત્રિનું પાપનષ્ટ થાય છે. મધ્યાહ્નથી સંધ્યા અન્ન જળનો દોષ દૂર કરે છે ત્રિકાળ સંધ્યામાં સૂર્યનો જપ કરતાં કરતાં જગદંબા ગાયત્રીનું ધ્યાન કરવાનું છે. સંધ્યામાં ગાયત્રી માતાને આવાહન કરવાનું હોય છે મા,તમે મારા હૃદયમાં પધારો,મારું રક્ષણ કરો!સંધ્યામાં ધ્યાનકરવાનું હોય છે.ઉત્તમ સંધ્યા- આકાશમાં નક્ષત્રો હોય ત્યારે કરવામાં આવે તે.નક્ષત્ર ન દેખાતું હોય અને સૂર્ય નારાયણ બહાર ન આવ્યા હોય, ત્યારે સંધ્યા કરે તોતે મધ્યમસંધ્યા સૂર્યોદય પછીની તે અધમ સંધ્યા છે.બૃહસ્પતિ વામનજી મહારાજ ને ઉપદેશ આપે છે કે, આજથી મધુકરી માગવાની. મધુકરીના અન્ન માં મધુરતા છે.તે પછી બ્રહ્મચારી ના ધર્મો સંભળાવ્યા. બ્રહ્મચર્યા શ્રમ નષ્ટ થયો ત્યારથી દેશની દુર્દશા થઈ છે. બ્રહ્મચર્યાશ્રમની પરંપરા નષ્ટ થઈ ત્યારથી દેશની દુર્દશા થઈ છે. બ્રહ્મચર્યના પાલન વગર કોઈ મહાન થયો નથી કે થવાનો નથી. આજે રાજ્યમાં કેટલીક નગર પાલિકા અને તાલુકા જિલ્લા પંચાયતની સામાન્ય અને પેટા ચુંટણીનો માહોલ જામ્યો છે ત્યારે મતદારોની વેદના કેવી છે તે કબૂતર અને કબુતરીની વાત સાથે પુરી કરીએ. એક કબૂતર અને કબૂતરી એક ઝાડની ડાળી પર બેઠા હતા. તેણે દૂરથી એક માણસને આવતો જોયો. કબૂતરીના મનમાં થોડી શંકા જાગી અને તેણે કબૂતરને કહ્યું, ચાલો આપણે જલ્દી ઉડી જઈએ.નહીંતર આ માણસ આપણને મારી નાખશે. કબૂતરે ઊંડો શ્વાસ લીધો અને કબૂતરીને આત્મવિશ્વાસથી કહ્યું તેને ધ્યાનથી જો, તેની શૈલી જો, તેના કપડાં જો, તેના ચહેરા પરથી શિષ્ટાચાર ટપકી રહયો છે, તે આપણને કેમ મારશે, તે એકદમ સજ્જન લાગે છે..!! કબૂતરની વાત સાંભળ્યા પછી, કબૂતરી ચૂપ થઈ ગઈ. જ્યારે તે માણસ તેમની નજીક આવ્યો, ત્યારે તેણે અચાનક તેના કપડામાંથી એક ધનુષ્ય અને બાણ કાઢ્યું અને તરત જ કબૂતર ને માર્યું,બિચારું કબૂતર ત્યાં જ મરી ગયું. લાચાર કબૂતરી કોઈક રીતે ભાગી ગઈ અને પોતાનો જીવ બચાવ્યો અને રડવા લાગી.તેના દુઃખનીકોઈ સીમા નહોતી અને એક ક્ષણમાં જ તેનું આખું વિશ્વ નાશ પામ્યું, ત્યાર બાદ કબૂતરી રડતાં રડતાં રાજા પાસે ગઈ અને આખી ઘટના કહી સંભળાવી. રાજા ખૂબ જ દયાળુ વ્યક્તિ હતો. રાજાએ તરત જ પોતાના સૈનિકોને શિકારીને પકડીને અહીં લાવવાનો આદેશ આપ્યો. શિકારીને તરત જ પકડી લેવામાં આવ્યો અને રાજદરબારમાં લાવવામાં આવ્યો. શિકારીએ ડરથી પોતાનો ગુનો કબૂલ કરી લીધો. ત્યારબાદ રાજાએ કબૂતરીને શિકારીને સજા કરવાનો અધિકાર આપ્યો અને તેને કહ્યું,"તું આ શિકારીને ગમે તે સજા આપી શકે છે અને તેનો અમલ તરત જ કરવામાં આવશે." કબૂતરીએ ખૂબ જ દુઃખી હૃદયે કહ્યું કે"હે રાજા,મારો જીવનસાથી આ દુનિયા છોડીને ચાલ્યો ગયોછે જે ક્યારેય પાછો નહીં આવે,તેથી મારા મતે,આ ક્રૂર શિકારીને એક માત્ર સજા એ હોવી જોઈએ કે જો તે શિકારી હોય,તો તેણે હંમેશા શિકારીનો ગણવેશ પહેરવો જોઈએ અને આ શિષ્ટાચારનો ગણવેશ ઉતારવો જોઈએ કારણ કે જે લોકો શિષ્ટાચારનો ગણવેશ પહેરે છે અને છેતરપિંડી દ્વારા ઘૃણાસ્પદ કાર્યો કરે છે તેઓ સૌથી વધુ ધિક્કારપાત્ર છે... વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત છેલ્લે આજે મતદારો પણ કબુતરી જેવી વેદના ઠાલવે છે પણ એનું સંભાળનાર કોણ એ પ્રશ્નાર્થ,૧૯૪૭થી સળવળાટ કરી રહયો છે. મિત્રો તમારી આસપાસના ઢોંગીલોકો થી હંમેશા સાવધ રહો, જેઓ સારા હોવાનો ડોળ કરે છે, સાવધ રહો અને તમારી જાતનું ખૂબ ધ્યાન રાખો..!!અસ્તુ

**ઝિમ્બાબ્વેના સંરક્ષણ પ્રધાન સાથેની મુલાકાત દરમિયાન, બંને પક્ષોએ હાલના દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગની સમીક્ષા કરી**

# એરો ઇન્ડિયાના ત્રીજા દિવસે રક્ષા મંત્રીએ ઝિમ્બાબ્વે, યમન, ઇથોપિયા, ગામ્બિયા અને ગેબોનના સંરક્ષણ પ્રધાનો સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી

**ઈથોપિયાના સંરક્ષણ પ્રધાન સાથેની મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ વધતા દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધો પર સંતોષ વ્યક્ત કર્યો.**

એરો ઈન્ડિયા ૨૦૨૫ દરમિયાન, રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બેંગલુરુમાં ઝિમ્બાબ્વેના સંરક્ષણ મંત્રી શ્રીમતી ઓપ્પાહ મુચિંગુરી કાશીરી; યમનના સંરક્ષણ મંત્રી લેફ્ટનન્ટ જનરલ મોહસેન મોહમ્મદ હુસૈન અલ દાએરી; ઈથોપિયાના સંરક્ષણ મંત્રી શ્રીમતી આઈશા મોહમ્મદ (ઈંગ્લેન્ડ); ગામ્બિયાના સંરક્ષણ મંત્રી શ્રી સેરિંગ મોડૌ નજી અને ગેબોનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રી શ્રીમતી બ્રિગિટ ઓંક્રાનોવા સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. ઝિમ્બાબ્વેના સંરક્ષણ પ્રધાન સાથેની મુલાકાત દરમિયાન, બંને પક્ષોએ હાલના દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગની સમીક્ષા કરી અને ઝિમ્બાબ્વેના સશસ્ત્ર દળોના તાલીમ, લશ્કરી અભ્યાસક્રમો અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં સહયોગ કરવા સંમતિ દર્શાવી. બંને નેતાઓએ સંરક્ષણ સહયોગ પર એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આનાથી સંબંધો વધુ ગાઢ બનશે. તેમણે સમજૂતી કરારને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે સંરક્ષણ પ્રધાનો વચ્ચે નિયમિત વાતચીતના મહત્વ પર ભાર મૂક્યો. બંને દેશોએ સંપત્તિના ઉત્પાદન અને જાળવણી માટે સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે સહયોગને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપી. લશ્કરી દવાના ક્ષેત્રોમાં સહયોગ પર પણ ચર્ચા કરવામાં આવી. ઈથોપિયાના સંરક્ષણ પ્રધાન સાથેની મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ વધતા દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધો પર સંતોષ વ્યક્ત કર્યો. ગાઢ અને સક્રિય જોડાણના મહત્વને સ્વીકારતા, બંને મંત્રીઓએ ચાલુ સંબંધોને સંસ્થાકીય બનાવવા માટે સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. બંને પક્ષોએ ઈથોપિયાના સશસ્ત્ર દળોના લશ્કરી તાલીમ, અભ્યાસક્રમો, શાંતિ જાળવણી અને ક્ષમતા નિર્માણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ પર વિચારણા કરી. સંરક્ષણ ઉદ્યોગ સહયોગને વધુ મજબૂત બનાવવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી અને ભારતના ઉભરતા ખાનગી ક્ષેત્ર પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. યમનના સંરક્ષણ મંત્રી સાથેની મુલાકાતમાં, બંને નેતાઓએ સંરક્ષણ ક્ષેત્રમાં સંબંધો વધારવાની વાત ધ્યાનમાં લીધી. આ બાબતને એક પગલું આગળ વધારવા માટે, બંને નેતાઓએ યમનના સશસ્ત્ર દળોના લશ્કરી તાલીમ, અભ્યાસક્રમો અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રમાં ભાગીદારી માટે ચર્ચા કરી. આ બેઠકથી ભારત અને યમન વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવા માટે વધારાની ગતિ અને માર્ગદર્શન મળ્યું. ગામ્બિયાના સંરક્ષણ પ્રધાન સાથેની મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ સંરક્ષણ ક્ષેત્રમાં સાથે મળીને કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને નેતાઓએ ક્ષમતા નિર્માણ, ક્ષમતા વૃદ્ધિ અને બંને પક્ષોના પરસ્પર લાભ માટે શ્રેષ્ઠ પ્રથાઓના આદાનપ્રદાન માટે સહયોગ વધારવાની તેમની ઈચ્છાને પુનરોચ્ચાર કરી.

**નવીનતા, રોકાણ અને ટેકનોલોજી-સંચાલિત ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે બંને દેશોની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી**

# પ્રધાનમંત્રીએ ૧૪માં ભારત-ફ્રાંસ સીઇઓ ફોરમને સંબોધન કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાંસનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ઈમેન્યુઅલ મેક્રોને આજે પેરિસમાં ૧૪માં ભારત-ફ્રાન્સ સીઈઓ ફોરમને સંયુક્તપણે સંબોધન કર્યું હતું. આ ફોરમ બંને પક્ષોની કંપનીઓના વિવિધ જૂથોના સીઈઓને એકમંચ પર લાવ્યું હતું, જેમાં સંરક્ષણ, એરોસ્પેસ, મહત્ત્વપૂર્ણ અને ઉભરતી ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અત્યાધુનિક ઉત્પાદન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, લાઈફ-સાયન્સિસ, વેલનેસ અને લાઈફસ્ટાઈલ તથા ફૂડ અને હોસ્પિટાલિટી જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ તેમનાં સંબોધનમાં ભારત-ફ્રાંસ વચ્ચે વધી રહેલાં વેપાર-વાણિજ્ય અને આર્થિક સહયોગ તથા તેનાથી બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવાની બાબતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સ્થિર રાજનીતિ અને આગાહી કરી શકાય તેવી નીતિગત ઈકોસિસ્ટમ પર આધારિત ભારતનાં આકર્ષણને પ્રાથમિકતા ધરાવતાં વૈશ્વિક રોકાણનાં સ્થળ તરીકે દર્શાવ્યું હતું. તાજેતરમાં બજેટમાં જાહેર થયેલા સુધારાઓનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, વીમા ક્ષેત્ર હવે ૧૦૦ ટકા એફડીઆઈ અને અને નાગરિક પરમાણુ ઊર્જા ક્ષેત્રે એસએમઆર અને એએમઆર ટેકનોલોજીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ખાનગી ભાગીદારી માટે માટે ખુલ્લું છે. કસ્ટમ્સ રેટ સ્ટ્રક્ચરને તર્કસંગત બનાવવામાં આવ્યું હતું અને જીવન જીવવાની સરળતા વધારવા માટે આવકવેરાની સરળ આચારસંહિતા લાવવામાં આવી હતી. સુધારાઓને આગળ ધપાવવાની સરકારની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરીને તેમણે નોંધ્યું હતું કે, વિશ્વાસ આધારિત આર્થિક શાસન સ્થાપિત કરવા નિયમનકારી સુધારાઓ માટે એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. આ જ ભાવનાથી છેલ્લાં થોડાં વર્ષોમાં ૪૦,૦૦૦થી વધારે અનુપાલનને તર્કસંગત બનાવવામાં આવ્યાં હતાં. પ્રધાનમંત્રીએ ફ્રાન્સની કંપનીઓને સંરક્ષણ, ઊર્જા, હાઈવે, નાગરિક ઉડ્ડયન, અંતરિક્ષ, હેલ્થકેર, ફિનટેક અને સ્થાયી વિકાસનાં ક્ષેત્રોમાં ભારતની વૃદ્ધિની ગાથામાં રહેલી પુષ્કળ તકો પર ધ્યાન આપવા આમંત્રણ આપ્યું હતું. ભારતની કુશળતા, પ્રતિભા અને નવીનતા તથા નવા શરૂ થયેલા એઆઈ, સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ, ક્રિટિકલ મિનરલ્સ અને હાઈડ્રોજન મિશનમાં વૈશ્વિક સ્તરે પ્રશંસા અને રસને રેખાંકિત કરીને તેમણે ફ્રાંસના ઉદ્યોગ સાહસોને પારસ્પરિક વૃદ્ધિ અને સમૃદ્ધિ માટે ભારત સાથે ભાગીદારી કરવા અપીલ કરી હતી. તેમણે આ ક્ષેત્રોમાં સક્રિય જોડાણના મહત્ત્વની રૂપરેખા આપી હતી, નવીનતા, રોકાણ અને ટેકનોલોજી-સંચાલિત ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે બંને દેશોની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી.

### લોપેઝના સદાબહાર લૂકમાંથી પ્રેરણા લઈ કેવિને ફિટનેસ ગોલ નક્કી કર્યા

# જેનિફર લોપેઝ અને કેવિન કોસ્ટનર અફવાઓ વચ્ચે સાથે જીમમાં જોવા મળ્યાં

જેનિફર લોપેઝ અને કેવિન કોસ્ટ્નરના સંબંધો અંગે થોડાં વખતથી ચર્ચાઓ શરૂ થઈ છે. ત્યારે હવે કેવિન પર લેપોઝની સંગતની હકારાત્મક અસર જોવા મળી રહી છે. કેટલાંક સૂત્રોના જણાવ્યા અનુસાર જેનિફરનાં ફિટ બૉડી અને સદાકાળ યુવાન લાગતા લૂકમાંથી પ્રેરણા લઈને કેવિને પોતાના ફિટનેસ ગોલ નક્કી કર્યા છે. કોર્લાન્ડોના એક બાર- કેમો સાબેમાં તેઓ બંને સાથે જોવા મળ્યા હતા અને ત્યારથી તેમના સંબંધની અફવાઓ ચાલે છે જિનેફરની હંમેશા ફિટ રહેવાની આદતે કોસ્ટનરના હેલ્થ અને ફિટનેસ પર વધુ ધ્યાન આપવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.તેમની સાથે સંપર્કમાં રહેલાં એક સૂત્રના જણાવ્યા અનુસાર, જેનિફરે કેવિનને સમયસર જીમમાં પહોંચીને એ સાબિત કરવાની પ્રેરણા આપી છે કે ઉમર માત્ર એક આંકડો છે. માત્ર જીમમાં જ નહીં પણ કિચનમાં પણ કેવિન હેલ્ધી ડાયેટ કરતો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ‘‘કેવિન આમ તો પોતાનું શરીર અને પાતળો બાંધો જાળવી રાખે છે, પણ હવે એ મસલ થોડા મજબૂત કરવા માગે છે. જોઈએ કે આ વર્ષે તે કેટલો ફિટ થઈ શકે છે. એ પહેલાંની જેમ હવે ફરી શર્ટ ઉતારીને પોતાના સિક્સ પેક્સ ઍબ્ઝ બતાવવા માગે છે, તેણે પોતાના ટ્રેઈનરે પણ કહ્યું છે કે આવું કરવું આ ઉંમરે પણ શક્ય જ છે. તેથી કેવિન ઉત્સાહમાં છે.’’સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કેવિન વધારે પ્રમાણમાં પ્રોટિન લઈ રહ્યો છે. તે જીમમાં મહેનત કરે છે અને અંગત શેફ પાસે ખાસ વાનગીઓ તૈયાર કરાવીને જમે છે. તેનું લક્ષ્ય આ ઉનાળા સુધીમાં ૧૦ પાઉન્ડ મસલ્સ વધારવાનું છે. છેલ્લાં ડિસેમ્બરથી જેનિફર લોપેઝ અને કેવિન વચ્ચેના સંબંધોની ચર્ચા છે. કોર્લાન્ડોના એક બાર- કેમો સાબેમાં તેઓ બંને સાથે જોવા મળ્યા હતા અને ત્યારથી તેમના સંબંધની અફવાઓ ચાલે છે.



### પરિણીતી માત્ર લગ્ન વિધિ સમયે હાજર રહી

# પ્રિયંકા ચોપરા અને પરિણીતિ ચોપરા લગ્નના એકપણ ફોટામાં સાથે નહીં

### લગ્ન પ્રસંગે પરિણીતિ અને પ્રિયંકા વચ્ચેનો અણબનાવ સપાટી પર આવ્યો

પ્રિયંકા ચોપરાના ભાઈ સિદ્ધાર્થનાં લગ્ન પ્રસંગે એક પણ પ્રિ વેડિંગ વિધિ વખતે પરિણીતિ હાજર રહી ન હતી. તે પરથી બંને બહેનો વચ્ચે અણબનાવની વાત ચગી હતી. જોકે, બાદમાં છેક લગ્ન વિધિ વખતે પરિણીતિ તેના પતિ રાઘવ ચઢ્ઢા સાથે થોડા સમય માટે હાજર રહી હતી. જોકે, હવે ચકોર દર્શકોએ શોધી કાઢ્યું છે કે સોશિયલ મીડિયા પર જુદા જુદા લોકો દ્વારા મૂકાયેલા આ લગ્ન પ્રસંગની એક પણ તસવીરમાં પ્રિયંકા અને પરિણીતિ એક પણ વખત એક ળેમમાં સાથે જોવા મળ્યાં નથી. તે પરથી ચાહકો અટકળ લગાવી રહ્યા છે કે કદાચ પરિણીતિએ કૌટુંબિક ઔપચારિકતા ખાતર માત્ર લગ્નની રસમ વખતે હાજરી આપી હતી પરંતુ તે સિવાય હજુ પણ પ્રિયંકા ચોપરા સાથે તેનો અણબનાવ યથાવત છે. પ્રિયંકા તેનાં લગભગ તમામ સ્વજનો સાથે જુદા જુદા ફોટામાં દેખાય છે. સિદ્ધાર્થના લગ્ન પ્રસંગે પરિણીતિ અને પ્રિયંકા વચ્ચેનો અણબનાવ સપાટી પર આવ્યો બીજી તરફ પરિણીતિની માતા રીની ચોપરાએ મૂકેલા ફોટાઓમાં પણ ક્યાંય પરિણીતિ અને પ્રિયંકા સાથે દેખાતાં નથી.



### વિશંકરે કોઈ ફિલ્મના મ્યૂઝિક રિલીઝમાં પ્રથમ વખત હાજરી આપી

# ‘શિવ શિવ શંકરા’માં ‘કન્નપ્પા’ની શિવ ભક્તિની ઝલક

દક્ષિણ ભારતના ઘરે-ઘરે અનોખા શિવભક્ત કન્નપ્પા સાથે સંકળાયેલી દંતકથાઓ પ્રચલિત છે.પ્રખરનાસ્તિકમાંથીચુસ્તશિવભક્તબનેલકન્નપ્પાના જીવન આધારિત ફિલ્મ લાંબા સમયથી ચર્ચામાં છે. પ્રભાસ અને વિષ્ણુ માંચુનું પરફોર્મન્સ ધરાવતું ફિલ્મનું પહેલું ગીત ‘શિવ શિવ શંકરા’ લોન્ચ થયું હતું. આર્ટ ઓફ લીવિંગના સ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરે ફિલ્મના મ્યૂઝિક રિલીઝ પ્રસંગે હાજરી આપી હતી. કોઈ ફિલ્મના મ્યૂઝિક રિલીઝમાં શ્રી શ્રી રવિશંકર પ્રથમ વખત ઉપસ્થિત રહ્યા હતા. બેંગલોર ખાતે આવેલા આર્ટ ઓફ લીવિંગના આશ્રમમાં ‘શિવ શિવ શંકરા’ના ટ્રેકને લોન્ચ કરાયુ હતું. ફિલ્મના ડાયરેક્ટર મુકેશ કુમાર સિંહ, એક્ટ્રેસ સુમલતા, ડૉ. મોહનબાબુ, મ્યૂઝિક ડાયરેક્ટર સ્ટીફન દેવસી સહિત અનેક અગ્રણી આ પ્રસંગે હાજર રહ્યા હતા. ભગવાન શિવની દિવ્ય શક્તિ અને તેમના સ્વરૂપને સંગીતમય ભક્તિ સાથે રજૂ કરવાનો પ્રયાસ આ ગીતમાં થયો છે. શ્રી શ્રી રવિશંકરે ગીતના લોન્ચમાં હાજરી આપતાં ભગવાન શિવના ભક્તોમાં આ ગીત માટેની ઉત્સુકતા વધી છે. ફિલ્મની પ્રોડક્શન ટીમે પ્રથમ ગીતને લોન્ચ કરવા બદલ શ્રી શ્રી રવિશંકરનો આભાર માન્યો હતો. પ્રોડ્યુસર ડૉ. મોહનબાબુએ આ પવિત્ર ગીતના લોન્ચમાં શ્રી શ્રી રવિશંકરની હાજરીને સન્માનજનક ગણાવી હતી. આ ફિલ્મ ભગવાન શિવ સાથે ગાઢ રીતે સંકળાયેલી હોવાની અને તેમાં ખૂબ ગહન આધ્યાત્મિક યાત્રા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ‘શિવ શિવ શંકરા’ના હિન્દી વર્ઝનમાં જાવેદ અલીએ અવાજ આપ્યો છે. આધ્યાત્મ અને સિનેમાના અનોખા સમન્વય તરીકે આ ફિલ્મનો પ્રચાર થઈ રહ્યો છે ત્યારે કુંભ મેળા દરમિયાન તેનું પ્રથમ ગીત શેર થયું છે. આ ગીતમાં કન્નપ્પાની નાસ્તિક સ્થિતીથી માંડીને શિવભક્ત બનવા સુધીની સફર રજૂ કરવામાં આવી છે. શિવભક્તિમાં લીન થયા પછી પ્રકૃતિના દરેક સ્વરૂપમાં શિવજીના દર્શન કરતાં અનોખા શિવભક્તની પ્રેમ લક્ષણા ભક્તિની અભિવ્યક્તિ કરવામાં આવી છે. ૨૬ ફેબ્રુઆરીએ શિવરાત્રિ આવી રહી છે ત્યારે પરમ શિવભક્ત કન્નપ્પાની વધુ એક ઝલક શેર કરવામાં આવશે. આ ફિલ્મમાં વિષ્ણુ માંચુએ કન્નપ્પાનો રોલ કર્યો છે. મોહનલાલ, અક્ષય કુમાર, પ્રભાસ, કાજલ અગ્રવાલ અને પ્રીતિ મુકુંદન પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મને ૨૫ એપ્રિલના રોજ રિલીઝ કરવામાં આવશે. કળિયુગના પરમ શિવભક્ત તરીકે કન્નપ્પાને ઓળખવામાં આવે છે. કર્મથી શિકારી એવા કન્નપ્પાને ભગવાન પર સહેજ પણ શ્રદ્ધા ન હોતી. પોતાના જીવનને માણવામાં મસ્ત રહેતા કન્નપ્પાની શિવભક્તિની શરૂઆત પણ અનોખી રીતે થાય છે. દક્ષિણ ભારતના કેટલાક મંદિરોમાં શિવલિંગ પર પગ મૂકી રહેલા એક વ્યક્તિની મૂર્તિ જોવા મળે છે. મૂર્તિમાં દેખાતી આ વ્યક્તિ જ કન્નપ્પા હોવાનું મનાય છે. કારણ કે, કન્નપ્પાની શિવભક્તિની પદ્ધતિ અનોખી હતી. શિકારીમાંથી શિવભક્ત બનેલા કન્નપ્પાના સમર્પણ અને અનોખી વિરતા આધારિત આ ફિલ્મમાં પ્રભાસે રુદ્ર અવતારનો રોલ કર્યો છે. સાઉથ અને બોલિવૂડના અનેક કલાકારો ફિલ્મમાં મહત્ત્વના રોલ કરી રહ્યા છે. મોટા બજેટની આ ફિલ્મને ભારત ઉપરાંત સમગ્ર દુનિયમાં રિલીઝ કરવામાં આવશે. ‘કન્નપ્પા’માં ‘આદિપુરુષ’ જેવો ધબડકો ન થાય તે માટે વિશેષ કાળજી રાખવામાં આવી છે.




### અક્ષય કે કરીના જેવા સ્ટાર્સને પબ્લિસિટીની જરૂર નથી

# ઈન્ડસ્ટ્રીમાં અવગણના સામે ઝઝૂમી રહેલી અંજના સુખાની

### અંજનાએ કહ્યું, એક એવો સમય હતો જ્યારે લગભગ એક કે બે વર્ષ સુધી મારી પાસે ખાસ કોઈ કામ નહોતું

અંજના સુખાની ફિલ્મોનો જાણીતો ચહેરો છે, તે ઘણી ફિલ્મોમાં સપોર્ટિંગ રોલમાં જોવા મળી છે. તાજેતરમાં એક ઈન્ટવ્યૂમાં તેણે ૨૦૧૯માં આવેલી ફિલ્મ ‘ગૂડ ન્યૂઝ’ કઈ રીતે અવગણનાનો સામનો કરવો પડ્યો હતો એ અંગે ખુલીને વાત કરી હતી. તેણે કહ્યું હતું કે ફિલ્મમાં તેનો રોલ મહત્વનો હતો છતાં પ્રમોશનમાં માત્ર અક્ષય કુમાર, કરીના કપૂર, દિલજિત દોસાંજ અને કિઆરા અડવાણી પર જ ધ્યાન કેન્દ્રિત કરી દેવાયું હતું.ફિલ્મમાં અંજનાએ અક્ષયની બહેનનો રોલ કર્યો હતો. તેણે પોતાની નિરાશા વ્યક્ત કરતા જણાવ્યું, ‘‘હું સમજું છે કે ફિલ્મમાં જેમનો મુખ્ય રોલ છે તેઓ દેશના સૌથી મોટા સ્ટાર્સ છે. અમારી ફિલ્મમાં કરીના કપુર ખાન, અક્ષય કુમાર, કિઆરા અડવાણી અને દિલજિત દોસાંજ હતા. એ લોકો આજે દેશના લોકપ્રિય સ્ટાર્સ છે અને હું લીડ રોલમાં નહોતી પરંતુ મને લાગે છે કે મારો રોલ ફિલ્મમાં મહત્વનો તો હતો જ કે એણે જ એ લોકોને સમજાવ્યા હતાં કે એ લોકો આ રીતે પણ કરી શકે છે.’’અંજનાએ તેના કૅરિઅરના ચડાવ-ઉતાર અંગે પણ વાત કરી હતી અને સ્વીકાર્યું હતું કે તેને ગૂડ ન્યુઝ મળી એ પહેલાં તે નબળાં તબક્કામાંથી પસાર થઈ રહી હતી. અંજનાએ કહ્યું, ‘‘એક એવો સમય હતો જ્યારે લગભગ એક કે બે વર્ષ સુધી મારી પાસે ખાસ કોઈ કામ નહોતું અને પછી ગૂડ ન્યુઝ મળી. હું એવું નથી કહેતી કે એ લોકો મને બધે સાથે રાખે કારણ કે સ્ટોરી બે કપલની જ હતી. સમજી શકાય, પરંતુ પ્રમોશનની એક પણ ઈવેન્ટમાં મને ગણવાની જ નહીં? મને લોકોની આવી માર્કેટિંગ સ્ટ્રેટેજી સમજાતી નથી.’’એક કલાકાર સ્ટાર હોય કે નહીં પરંતુ તેની પોતાની એક વિશ્વસનીયતા હોય છે, આ અંગે અંજનાએ કહ્યું, ‘‘મને સમજાતું નથી. જો તમે એક કલાકારને તમારી ફિલ્મ માટે પસંદ કરો છો, દરેક કલાકારની એક વિશ્વસનીયતા હોય છે. તમારી કદાચ સોમાંથી સો હશે તો મારી કદાચ ૧૦૦માંથી ૨૦ હશે. એનો કોઈ વાંધો નથી, પણ એટલીનો ઉપયોગ તો કરો. અક્ષય કુમારને પબ્લિસિટીની જરૂર નથી, એ અક્ષય કુમાર છે. પરંતુ મને જરૂર છે. હું કરીના કપૂર નથી, એટલે મારે જરૂર છે. બીજા કલાકારો કરતાં મને થોડી લોકોની નજરમાં આવવાની જરૂર છે.’’અંજનાએ પછી આ ફિલ્મના કો-પ્રોડ્યુસર અક્ષય કુમારનો સંપર્ક કર્યો હતો, ‘‘મેં અક્ષયને આ વિશે વાત કરી, કારણ કે મને દુ:ખ થયું હતું કે મને ક્યાંય સાથે રાખવામાં આવી નહોતી. મેં તેને કહ્યું, કે મહેરબાની કરીને મને થોડી મદદ કરો, તમારી થોડી મદદથી મને મોટી મદદ મળશે, તેમાં કોઈનું નુકસાન નથી. હું કોઈ પાંચ વધારાના ઈન્ટરવ્યૂ કરીશ તો કોઈનું સ્ટારડમ ઘટશે નહીં. હા થોડી વધારાની ટિકિટ વેચવામાં મદદ જરૂર મળશે. એ બહુ દયાળુ હતા, તેણે ધર્મા પ્રોડક્શન્સની ઓફિસમાં મારા માટે એક પ્રેસ મીટનું આયોજન કર્યું હતું અને ત્યાં મેં થોડા ઈન્ટરવ્યૂ આપ્યા હતા.’’




# અભિનેત્રી શ્રદ્ધા કપૂરની સલાહ ઍંગલ બદલો, રંગ નહીં



શ્રદ્ધા કપૂરે તેના ફૅન્સ સાથે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને રંગ નહીં પણ ઍંગલ બદલવાની વાત કરી હતી. શ્રદ્ધાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર બે તસવીરો શેર કરી હતી. જેમાંથી એક તસવીરમાં તે એકદમ ઉપર ફોન રાખીને કેમેરામાંથી સેલ્ફી લે છે. જ્યારે બીજી તસવીરમાં તે પોતાના બે પેટ્સ સાથે રમતી હોય એવી સેલ્ફી ટોપ એન્ગલથી લીધેલી છે. આ ફોટોની કૅપ્શનમાં શ્રદ્ધાએ લખ્યું છે, ‘‘ઍંગલ બદલો, રંગ નહીં’’. તેણે પૅટ્સ સાથેની તસવીરને ‘‘સેટરડે સૂકુન’’ ગણાવી હતી. ગયા અઠવાડિયે જ, શ્રદ્ધાએ વેલેન્ટાઈન્સ ગિફ્ટ માટેનો બેસ્ટ આઈડિયા આપ્યો હતો. તેણે આ માટે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો. શ્રદ્ધાએ આ વીડિયોમાં કહ્યું, ‘‘બધાને વેલેન્ટાઈન્સ ડે પર કંઈક અલગ કરવું હોય છે, પરંતુ આપણે તો દિવાળી પર ગિફ્ટ આપીએ છીએ, રક્ષાબંધન, કે બોર્ડની પરીક્ષાઓ પર પણ ગિફ્ટ આપીએ છીએ. તો વેલેન્ટાઈન્સ પર આપણે એક સારું બ્રેસલેટ ગિફ્ટમાં ન આપી શકીએ?’’ ‘‘દરરોજ ઉપયોગમાં લઈ શકાય એવી કોઈ પણ વસ્તુ તમે ગિફ્ટ આપી શકો છો. માત્ર કોઈક ગિફ્ટ આપો, કંઈ પણ. હું એવું નથી કહેતી કે તમે ઘર ગિરવે મુકીને કશુંક ખરીદો, તમે લૅબમાં બનેલા ડાયમંડની વસ્તુ પણ આપી શકો છો.’’ શ્રદ્ધા કપૂરે આ વીડિયો પોસ્ટ કરતાં લખ્યું હતું, ‘‘વેલેન્ટાઈન્સ પર ગિફ્ટ આપો, બહુ થયુંપ દિલથી.’’ અગાઉ શ્રદ્ધાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે કેમ તે પોસાના ઈન્સ્ટાગ્રામ પર બહુ પોસ્ટ કરતી નથી. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા પોતાની વાંચતી તસવીરો શેર કરી હતી અને લખ્યું હતું, ‘‘એટલા માટે ઓછી પોસ્ટ કરતી હતી.’’



### બિગ બીએ પોસ્ટમાં લખ્યું હતું કે જવાનો સમય આવી ગયો છે

# કોને મળશે અમિતાભ બચ્ચનની ૧૬૦૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી?

બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન તેમની પર્સનલ અને પ્રોફનલ બંને લાઈફને કારણે ચર્ચામાં આવતા હોય છે. એમાં પણ છેલ્લાં કેટલાક સમયથી તો પરિવારમાં ચાલી રહેલાં વિખવાદને કારણે બચ્ચન પરિવાર ખૂબ જ ચર્ચામાં રહે છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતાં બિગ બીએ પોતાના સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી હતી જેને કારણે ફેન્સ ચિંતામાં પડી ગયા હતા. બિગ બીએ પોસ્ટમાં લખ્યું હતું કે જવાનો સમય આવી ગયો છે.આ બધા વચ્ચે હવે બિગ બીની પ્રોપર્ટી વહેંચણીને લઈને પણ સોશિયલ મીડિયા પર જાત-જાતના દાવા કરાઈ રહ્યા છે. જો તમને પણ એ સવાલ સતાવી રહ્યો હોય કે બિગ બીની ૧૬૦૦ કરોડની પ્રોપર્ટી કોને મળશે તો ચાલો તમને જણાવીએ-બિગ બી ૮૩ વર્ષે હજી સુધી એક્ટિવ છે અને તેઓ કામ કરી રહ્યા છે.અગાઉ કહ્યું એમ બિગ બીએ કરેલી ક્રિપ્ટિક પોસ્ટ બાદ ફેન્સ હવે એવા ક્યાસ લગાવી રહ્યા છે કે બિગ બી હવે રિટાયરમેન્ટ એનાઉન્સ કરી શકે છે. આવી પરિસ્થિતિમાં તેમની પ્રોપર્ટીમાંથી કોને શું મળશે એ જાણવાની તાલાવેલી થાય એ સ્વાભાવિક છે. પરંતુ ભાઈસાબ આ બિગ બી છે અને તેમણે પોતાનું વસિયતનામું તૈયાર જ રાખ્યું છે.એક ઈન્ટરવ્યુમાં બિગ બીએ ખુદ ખુલાસો કર્યો હતો કે જ્યારે હું મરીશ ત્યારે મારી પાસે જે પણ કંઈ હશે તે મારી દીકરી શ્વેતા અને મારા દીકરા અભિષેક વચ્ચે બરાબર હિસ્સે વહેંચવામાં આવશે. આ મામલે દીકરા-દીકરીમાં કોઈ તફાવત નહીં કરવામાં આવે. બિગ બીના આ ઈન્ટરવ્યુ બાદ એ વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે બિગ બીની ૧૬૦૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટીના સરખેસરખા ભાગ કરવામાં આવશે અને તે શ્વેતા અને અભિષેકને આપવામાં આવશે.બિગ બીએ આ જ ઈન્ટરવ્યુમાં આગળ એવું પણ જણાવ્યું હતું કે હું દીકરીઓને પારકી થાપણ નથી માનતો. આપણે ત્યાં લોકો કહે છે કે દીકરી તો પારકી થાપણ કહેવાય. તે સાસરે જતી રહે, પણ શ્વેતા બિગ બી માટે હજી પણ તેમની દીકરી જ છે. શ્વેતાનો પણ બિગ બીના ઘર, પ્રોપર્ટી પર એટલો જ અધિકાર છે જેટલો અભિષેકનો છે.



### નોરા-થિરોનની જોડીએ અગાઉ ‘સ્નેક’માં સફળતા મેળવી હતી

# ગ્રેમી વિજેતા થિરોન બિલી સાથે નોરા ફતેહીનો નવો ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ

**નોરા ફતેહી પોતાના ડાન્સ-ગ્રેસ માટે જાણીતી છે, તાજેતરમાં જ તેણે પોતાનો જન્મદિવસ ઉજવ્યો**




નોરા ફતેહી પોતાના ડાન્સ અને ગ્રેસ માટે જાણીતી છે, તાજેતરમાં જ તેણે પોતાનો જન્મદિવસ ઉજવ્યો છે. હવે નોરા એક ગ્લોબલ સ્ટાર બની ગઈ છે, તેણે ફિફામાં પરફોર્મ કર્યું હતું અને થોડાં વખત પહેલાં તેણે ટોમી બ્રાઉન સાથે ‘સ્નેક’ બનાવ્યું હતું હવે તે ફરી એક વખત ઈન્ટરનેશનલ લેવલ પર નવું કોલબરેશન કરવા જઈ રહી છે. તેણે સોશિયલ મીડિયા પર પોતાની એક તસવીર શેર કરીને ફૅન્સને ઉત્સાહમાં લાવી દીધાં છે. જેમાં તે પ્રોડ્યુસર ટોમી બ્રાઈન અને ગ્રેમી વિજેતા મ્યુઝિશિયન થિરોની બિલી વાતો કરતાં દેખાય છે. જેનાથી તેણે આ ત્રણેય વચ્ચેના આગામી કોલબરેશનની હિન્ટ આપી છે. આ તસવીર શેર કરતાં તેણે કૅપ્શનમાં લખ્યું હતું, ‘‘આ રીતે ‘‘એક બોસ બેસે’’ ત્યારે દેખાય..અમે કશુંક લાવીએ છીએ..૨૦૨૫માં આગ લગાવી દઈશું.’’નોરાએ ફિફા વર્લ્ડ કપમાં ‘લાઈટ ધ સ્કાય’ અને ‘સ્નેક’ જેવા ગીતો પરફોર્મ કર્યા હતાં ત્યારથી તે ગ્લોબલી પણ પોપ્યુલર થઈ ગઈ છે. તેણે ૨૦૧૯માં ‘પેપેટા’ માટે રે વન્ની સાથે પણ કોલબરેશન કર્યું છે. તેને ૯૦ મિલિયન વ્યૂઝ મળેલાં છે. આ ઉપરાંત તેણે ‘ધ ડર્ટી સિક્રેટ’ માટે ઝેક નાઈટ સાથે પણ કોલબરેશન કર્યું હતું. સીકે સાથે તેણે ‘ઈટ્સ ટુ’ આલ્બમ માટે કોલબરેટ કર્યું હતું. તેણે જ્યારે ‘સ્નેક’ માટે જેસન ડેરુલો અને ટોમી બ્રાઉન સાથે પ્રોડક્શન રિલીઝ કર્યું તો તેને ૨૪ કલાકની અંદર ગ્લોબલી ૨ ક્રમે અને સ્પોટિફાયના ગ્લોબલ ચાર્ટ પર ૩ ક્રમે પહોંચી ગયું હતું. તે ટ્રેન્ડિંગ થઈ ગયું હતું. તેની આ સફળતાઓ પોછી હવે નવા કોલબરેશન પાસે પણ ઘણી અપેક્ષાઓ છે.

### ભારતની ગોલી સોડા બની ગ્લોબલ

# કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA)એ ગોલી પોપ સોડાના પ્રથમ દરિયાઈ શિપમેન્ટને રવાના કર્યું

### યુકે, યુરોપ અને ગલ્ફ દેશોમાં સફળ ટ્રાયલ શિપમેન્ટ બાદ લુલુ હાઇપરમાર્કેટ સાથે સતત સપ્લાય માટે ભાગીદારી




। અમદાવાદ, તા.૧૨ ।

બંટા સોડા, ગોલીપોપ સોડા, લીલી બાટલીવાળી સોડા આ નામથી આપણી પ્રિય સોડા માત્ર બાળપણ જ નહીં પણ જીવનભરની અનેક યાદોમાં કેદ છે. અને હવે યુકે અમેરિકા કે સાઉદી અરબ દેશોના લોકોને બંટા સોડા ફોડતા જુઓ તો નવાઈ પામશો નહીં. કારણ કે ભારત અને ગુજરાતમાં પરંપરાગત અને વ્યાપક પીવાતું આ ઠંડુ પીણું હવે વૈશ્વિક બજાર સુધી પહોંચતું થયું છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્યરત કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA)એ ભરૂચથી ગોલી પોપ સોડાના પ્રથમ દરિયાઈ શિપમેન્ટને વર્ચ્યુઅલ રીતે ફલેગ ઓફ કરાવ્યું છે. જેથી MADE IN GUJARAT સોડાનો સ્વાદ હવે સાત સમંદર પાર પહોંચી રહ્યો છે તેમ ગર્વભેર કહી શકાય.

ગોલી પોપ સોડા તે ભારતની આઈકોનિક ગોલી સોડાનું આધુનિક પુનરુત્થાન છે. તે તેના સ્વાદ અને નવીન પોપ-ઓપનર મિકેનિઝમ માટે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરી ચૂકી છે. વિવિધ ફ્લેવર્સમાં તથા સુગર ફ્રી વેરિઅન્ટમાં પણ તે ઉપલબ્ધ છે. ભરૂચમાં ઉત્પાદિત થતી આ સોડાના સફળ ટ્રાયલ શિપમેન્ટ યુકે, યુરોપ અને ગલ્ફ દેશોમાં કરવામાં આવ્યા છે. જે બાદ ABNN એક્સપોર્ટ્સને ગલ્ફ ક્ષેત્રની સૌથી મોટી રિટેલ ચેન પૈકીની એક 'લુલુ હાઈપરમાર્કેટ'ને સતત સપ્લાય માટે ફેર એક્સપોર્ટ્સ ઈન્ડિયા સાથે ભાગીદારી કરીને નોંધપાત્ર સિદ્ધિ મળી છે. જેના પરિણામે આવનારા દિવસોમાં વિશ્વભરના મોલ્સમાં ગોલી પૉપ સોડા જોવા મળશે.

વર્ચ્યુઅલ ફ્લેગ-ઓફ ઈવેન્ટ દરમિયાન APEDAના ચેરમેન શ્રી અભિષેક દેવે વૈશ્વિક બજારોમાં ભારતીય બ્રાન્ડ્સને ટેકો આપવા અને અનન્ય ભારતીય નોન-આલ્કોહોલિક પીણાંની નિકાસને પ્રોત્સાહન આપવા માટેની APEDAની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. APEDA લંડન, UKમાં ઈન્ટરનેશનલ ફૂડ એન્ડ ડ્રિંક ઈવેન્ટ (IFE), દક્ષિણ કોરિયામાં સિઓલ ફૂડ એન્ડ હોટેલ, જોહાનિસબર્ગ, દક્ષિણ આફ્રિકામાં બિગ સેવન, ન્યૂયોર્ક, યુએસએમાં સમર ફેન્સી ફૂડ શો અને ફાઈન ફૂડ ઓસ્ટ્રેલિયા જેવા મોટા આંતરરાષ્ટ્રીય વેપાર મેળાઓમાં સક્રિયપણે ભાગ લઈ રહી છે. આ પ્રદર્શનો દ્વારા, APEDAનો ઉદ્દેશ્ય ભારતીય નિકાસકારો માટે નવી તકો ઊભી કરીને વૈશ્વિક ખાદ્ય અને પીણા ક્ષેત્રમાં ભારતની હાજરીને વધારવાનો છે. APEDAનું ગુજરાત એકમ પણ આ પ્રકારના અન્ય ઉત્પાદકોને એક્સપોર્ટમાં સહાયરૂપ બનવા પ્રતિબદ્ધ છે. એમ તેમણે જણાવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય બજારમાં ગુજરાત અને ભારતનો આ સ્વાદ ઉપહાર પહોંચી જવાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મેઈક ઈન ઈન્ડિયા, મેક ફોર વર્લ્ડ'નો સંકલ્પ સાકાર થતો જણાઈ રહ્યો છે. સાથોસાથ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ અને પ્રોડક્શન માટે ગ્લોબલ ડેસ્ટિનેશન બન્યું હોવાની વાત પર પણ મહોર લાગી છે.

# ઝાલોદ સાંઇસ કોલેજ ખાતે ચૂંટણી સાહિત્ય ડીસ્પેચ, રીસીવીંગ તેમજ મતદાન ગણતરી અંગેની તાલીમ યોજવામાં આવી હતી

### ચૂંટણી અધિકારી અને મદદનીશ ચુંટણી અધિકારીની અધ્યક્ષતામાં એક શિબિર યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

આજ રોજ તારીખ ૧૨-૦૨-૨૦૨૫ બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યાનાં સુમારે ઝાલોદ સાંઈસ કોલેજ ખાતે ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીના અધ્યક્ષતા હેઠળ ચૂંટણી સાહિત્ય ડીસ્પેચ, રીસીવીંગ તેમજ મતદાન ગણતરી અંગેની તાલીમ યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત સહુ કર્મચારીઓ ને ચૂંટણી અંગેની માહિતી અંગે સહુને વાકેફ કરવામાં આવેલ હતા તેમજ ચૂંટણી સાહિત્યનું વિતરણ તારીખ ૧૫ શનિવારના રોજ જે તે બુથના ઈન્ચાર્જ કર્મચારીઓને સોપવામાં આવનાર છે અને ૧૬ તારીખના રોજ મતદાન પુરુંણ થયે શીલબંધ રીતે તેને ફરી રિસીવ કરી તેને જવાબદાર કચેરીએ સંપૂર્ણ સુરક્ષા સાથે સોપવાની જવાબદારી આપવામાં આવી હતી સાથે સાથે તારીખ ૧૮ તારીખે મતદાન ગણતરી સમયે જવાબદાર તંત્ર દ્વારા ખરાઈ કર્યા બાદ દરેક ઈ.વી.એમ મશીન લઈ મતદાન થયેલ વોટની ગણતરી કરવા અંગેની તાલીમ યોજવામાં આવી હતી. જેમાં વહીવટી તંત્ર હાલ નગરપાલિકા અને પંચાયત ની પેટા ચૂંટણી સંદર્ભે સંપૂર્ણ સજ્જ જોવા મળી રહેલ છે.

# વિશ્વ રેડિયો દિવસની પૂર્વ સંધ્યાએ આકાશવાણી પરિસરમાં શાળાની કિશોરીઓના હસ્તે વૃક્ષારોપણ

। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૧૨ ।

વિશ્વભરમાં ૧૩ ફેબ્રુઆરીના રોજ રેડિયો દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રેડિયો દિવસની ૨૦૨૫ની થીમ રેડિયો અને પર્યાવરણ પરિવર્તન છે. ત્યારે વડોદરા શહેરમાં આવેલ આકાશવાણી રેડિયો સ્ટેશનના પરિસરમાં આ દિવસની પૂર્વ સંધ્યાએ કરજણ તાલુકાના બોડકા ગામે આવેલ પ્રાથમિક શાળાની કિશોરીઓના હસ્તે વૃક્ષારોપણ કરીને ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત શાળાની કિશોરી દ્વારા રેડિયોનું મહત્વ વિશેની પ્રસ્તુતિ અને 'ભલી ઉંદરડી' નો એક પપેટ શો દ્વારા વ્યક્તિગત સ્વચ્છતાનો સંદેશ પ્રસ્તુત કરતા રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. જેનું પ્રસારણ ૧૩ ફેબ્રુઆરીને સવારે ૧૧: ૦૦ વાગે આકાશવાણી વડોદરાના ૯૩.૯ હ્રૂસ પરથી કરવામાં આવશે.

# પાલિકા ચૂંટણી સંદર્ભે ચેતર વસાવાએ ઝાલોદ ખાતે સભા યોજી /ઉમેદવારોને જીતાડવા અપીલ સહિત પાલિકાનો કરોડો હિસાબ મળતો નથી તેવા પ્રહારો કર્યા




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ ખાતે આપ પાર્ટીના ઉમેદવારો વતી ચેતર વસાવાએ ડોર ટુ ડોર તેમજ જાહેર સભા યોજી તમામ મંચ દ્વારા ઉમેદવારોને જીતાડવા અપીલ કરી હતી ખાસ કરી વોર્ડ નં(૨)ના ઉમેદવાર સદ્દામ ભાઈ મતાદાર સુરેખાબેન તેમજ /વોર્ડ નંબર (૩) ઉમેદવાર સલીમ ભાઈ મતાદાર અને લક્ષ્મીબેનને વોર્ડના વિકાસ માટે ઝાડુના નિશાન ઉપર વોટ કરી ભવ્ય વિજય અપાવવા વિનંતી કરી હતી ત્યારે નગરજનો બહોળી સંખ્યામા સભામા ઉમટી પડયા હતા ત્યારે પાલિકાના કરોડોના ભંડોળનો હિસાબ મળતો નથી તે સિવાય ભાજપ વાળા ઉમેદવારોને ડરાવી ધમકાવી ફોર્મ પરત ખેચાવે છે અને જો અમારા ઉમેદવારોને છેડશો તો અમે છોડીશુ નહી તેવા આક્રોશ સાથે ભાજપા પર આકરા પ્રહારો કર્યા હતા તે સાથે ઝાલોદના વિકાસ માટે પરિવર્તન અવશ્ય હોવાથી તમામ ઉમેદવારોને જીતાડવા જનતાને ડોર ટુ ડોર તેમજ જાહેર સભા યોજી વિનંતી કરી હતી.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે ૩૪માં રમતોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કોલેજના પ્રોફેસર ડો. બહાદુરસિંહ ગોહિલ દ્વારા સર્વનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. આશિષ મોદીએ પ્રાસંગિક પ્રવચન કરીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં દોડ, લાંબીકૂદ, ગોળાફેક, બરછીફેક જેવી આઠ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ૩૦૦ કરતા પણ વધુ સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં કોલેજના સ્ટાફ પરિવારના પ્રધ્યાપકોએ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલાં વિદ્યાર્થીઓને કોલેજના વાર્ષિક મહોત્સવ વખતે ઈનામ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવશે.

# સયાજી ગર્લ્સ હાઈ સ્કુલ ખાતે બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ યોજાયો



। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૧૨ ।

ભારત સરકારની બેટી બચાઓ બેટી પઢાઓ યોજના હેઠળ જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ બેટી બચાઓ બેટી પઢાઓ સેલ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા દીકરીઓમાં શિક્ષણ, સલામતી અને જાગૃત્તતા આવે એ હેતુસર વિવિધ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત સયાજી ગર્લ્સ હાઈ સ્કુલ વડોદરા ખાતે બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત ગુડ ટચબેડ ટચ, પોકસો એક્ટ, ચાઈલ્ડ હેલ્પ લાઈન તેમજ પાલક માતાપિતા યોજનાઓના પ્રચાર પ્રસાર છેવાડાનાં વ્યક્તિ સુધી પહુંચે તે હેતુસર આજે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં "સંકલ્પ" ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાર્વમેન્ટ ઓફ વીમેનના ડીસ્ટ્રીક મિશન કોર્ડીનેટર દ્વારા બાળકોના કાયદાઓ તેમજ અધિકારો વિષે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

### ગુજરાત જાયન્ટ્સની ટીમે

# TATA વિમેન્સ પ્રીમિયર લીગમાં હોમ ગ્રાઉન્ડ પર ડેબ્યૂ પહેલા બરોડા ક્રિકેટ એસોસિએશનનાં પ્રમુખ પ્રણવ અમીન સાથે મુલાકાત કરી

। વડોદરા, તા.૧૨ ।

ગુજરાત જાયન્ટ્સની ટીમ ૧૪ ફેબ્રુઆરીથી વડોદરાના કોટામ્બી સ્ટેડિયમ ખાતે શરૂ થઈ રહેલ TATA વિમેન્સ પ્રીમિયર લીગમાં પોતાના બહુ અપેક્ષિત હોમ ડેબ્યૂ અગાઉ બરોડા ક્રિકેટ એસોસિસએશનનાં પ્રમુખ પ્રણવ અમીન સાથે મુલાકાત કરી હતી. આ સમયે ગુજરાત જાયન્ટ્સની ડેનિયલે ગિબસન, સયાલી સતઘરે ઉપરાંત અદાણી સ્પોર્ટ્સ લાઈનના ચીફ બિઝનેસ ઓફિસર સંજય અદેસરા હાજર રહ્યાં હતા. હાલમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝની મહિલા ટીમોના મુકાબલાની યજમાની કર્યા બાદ હવે વડોદરા વધુ એક ગૌરવ હાંસલ કરશે અને TATA વિમેન્સ પ્રીમિયર લીગમાં નવું સ્થળ બનશે.



ગુજરાત જાયન્ટ્સની ટીમ સિઝનની ઓપનિંગ મેચમાં ૧૪ ફેબ્રુઆરીએ ગત ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે રમશે. આ રોમાંચક મુકાબલો TATA ડબ્લ્યૂપીએલની અવિશ્વસનીય સિઝનની શાનદાર શરૂઆત બનશે.

# ઝાલોદ પ્રાંત અધિકારી (ચૂંટણી અધિક્ષક) દ્વારા નગરપાલિકા ચૂંટણી અંતર્ગત બુથનું નિરીક્ષણ કર્યું

### ચૂંટણી અધિક્ષક એ.કે.ભાટીયા દ્વારા મોટા પ્રમાણમાં લોકહિતમા મતદાન કરવા અપીલ કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ નગરમાં અંદાજીત બે વર્ષના વહીવટી શાસન પછી ૧૬ ફેબ્રુઆરીએ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા બારીકાઈ થી ઝીણવટભરી રીતે દરેક કામગીરીનો કાયદાકીય રીતે અમલ થાય અને શાંત વાતાવરણમા ચૂંટણી યોજાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

આજરોજ ઝાલોદ તાલુકાના કલેક્ટર (ચૂંટણી અધિકારી) અજય ભાટીયા, નાયબ ચૂંટણી અધિકારી શૈલેન્દ, પરમાર, ડી.વાય.એસ.પી પટેલ, પી.આઈ રાઠવા દ્વારા મતદાન સંદર્ભે બુથ મથકોની મુલાકાત લેવામાં આવી હતી તેમજ મુક્ત, ન્યાયિક રીતે મતદાન થાય તે માટે પૂરતી તકેદારી રાખવા માટેના સુચન આપેલ હતા.

ચૂંટણી સંદર્ભે મતદાન મથકો પર મતદારોને અપાતી સુવિધાઓનો અભ્યાસ કર્યો હતો જેમકે પીવાનું પાણી, દિવ્યાંગ મતદારો માટે વ્હીલ ચેર,



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ચઢવા ઉતરવા માટેની રેમ્પ, ટોઈલેટ, વીજળી કરણ જેવી સુવિધાઓની ખાતરી કરવામાં આવી હતી તેમજ સોળ ફેબ્રુઆરીએ યોજાનાર ચૂંટણી ન્યાયિક રીતે શાંત માહોલમાં યોજાય તે માટે સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ ઝાલોદ નગરપાલિકા વિસ્તારના આસરે ૨૫૦૦૦ ઉપરાંત જે મતદારો વિવિધ વોર્ડ માટે મતદાન કરવા જાય ત્યા નિર્ભય રીતે મતદાન કરી લોકશાહીના ઉત્સવના ભાગીદાર બને તેવી અપીલ કરી હતી. અંદાજીત નગરની ચૌદ જેટલી બિલ્ડિંગમા બત્રીસ jeena બુથ મતદારો માટે ઉભા કરવામાં આવેલ છે.

# રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવમાં અમદાવાદીઓએ અધધ ૩૬ લાખના મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પ્રોડક્ટ્સ ખરીધા તથા લાઈવ વાનગીઓ આરોગી

### ૧૦૫ વેચાણ/પ્રદર્શન સ્ટોલ્સ પરથી ૩૦ લાખની મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પ્રોડક્ટ્સની ખરીદી થઈ



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૮ અને ૯ ફેબ્રુઆરીના દિવસોમાં યોજાયેલા રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫ને વ્યાપક પ્રતિસાદ સાંપડ્યો હતો. મિલેટ મહોત્સવમાં અમદાવાદ શહેર/જિલ્લા સહિત આસપાસના જિલ્લાઓમાંથી આવેલા મુલાકાતીઓએ અધધ ૩૬ લાખના મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પ્રોડક્ટ્સ ખરીધા હતા તથા લાઈવ વાનગીઓ આરોગી હતી. કુલ ૧૦૫ વેચાણ/પ્રદર્શન સ્ટોલ્સ પરથી મુલાકાતીઓએ ૩૦ લાખની મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પ્રોડક્ટ્સની ખરીદી કરી હતી. જ્યારે ૨૫ લાઈવ ફૂડ સ્ટોલ્સ પરથી લોકોએ ૬ લાખના મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પ્રોડક્ટ્સ આરોગ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસીય કાર્યક્રમમાં મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો સહિત ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પેદાશોને લોકોના રોજિંદા આહારનો ભાગ બનાવવા અને વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવતા કરવાના ઉદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદ શહેર/જિલ્લા સહિત આસપાસના જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં મુલાકાતીઓ, ખેડૂતો અને સંસ્થાઓએ મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પેદાશોની ખરીદી કરી હતી તથા લાઈવ ફૂડ કાઉન્ટર પરથી અવનવી મિલેટ્સની વાનગીઓ આરોગી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મિલેટ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું, જ્યારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સમાપન સમારંભ યોજાયો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.

**વૃષભ (બ,વ,ઉ) :**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. મિત્રો, ધંધાકીય સાથીઓ તથા સંબંધીઓ સાથે કામ કરતા હો ત્યારે તમારા હિતોનું રક્ષણ કરો- કેમ કે તેઓ તમારી જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ નહીં હોય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે અમુક પરિસ્થિતિમાં ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? મિત્રો, ધંધાકીય સાથીઓ તથા સંબંધીઓ સાથે કામ કરતા હો ત્યારે તમારા હિતોનું રક્ષણ કરો- કેમ કે તેઓ તમારી જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ નહીં હોય. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે.

**તુલા (ર,ત) :**

આજે તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સવારથીજ તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**મકર (ખ,જ) :**

આજે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ.

**કુંભ (ગ,શ,સ) :**

આજે ખૂલ્લામાં રાખેલું ખાધ્ય પદાર્થ ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમને આઉટડૉર રમતો આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.



ફ્રાન્સના માર્સેલીસમાં મઝારગ્યુસ યુદ્ધ કબ્રસ્તાનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલિ અર્પીત કરી.

### ઓપન એઆઇના સીઈઓ ઓલ્ટમેનની મસ્કને વળતી ઓફર કરી

# એલોન મસ્કની રૂ.૮૪ હજાર કરોડમાં 'ઓપન એઆઈ' ખરીદવાની ઓફર

### એલોન મસ્કે એઆઈ કંપની એક્સ-એઆઈને સાથે-સાથે વેલોર ઇક્વિટી પાર્ટનર્સ, બેરન કેપિટલ જેવા ઈન્વેસ્ટર્સે આ ઓફર આપી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ અને ટેસ્લાના માલિક એલોન મસ્કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની ઓપન એઆઈને આશરે રૂ. ૮૪૬૦૦ કરોડમાં ખરીદવાની ઓફર આપી છે. એલોન મસ્કે એઆઈ કંપની એક્સ-એઆઈને સાથે-સાથે વેલોર ઈક્વિટી પાર્ટનર્સ, બેરન કેપિટલ જેવા ઈન્વેસ્ટર્સે આ ઓફર આપી છે.જોકે, એલોન મસ્કની ઓફર નકારીને ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'નો થેન્ક્યુ, જો તમે(મસ્ક) ઈચ્છો તો અમે ટ્વિટર(હવે એક્સ)ને લગભગ ૮૪૬૦૦ કરોડમાં ખરીદી લઈશું.' આના જવાબમાં એલોન મસ્કે ઓલ્ટમેનને 'સ્કેમ ઓલ્ટમન' કહ્યા છે. મસ્કે કહ્યું કે, ઓપનએઆઈ માટે ઓપન-સોર્સ, સેફ્ટી ફોક્સ્ડ ફોર્સ પર પરત ફરવાનો સમય આવી ગયો છે. અમે સુનિશ્ચિત કરીશું કે આવું થાય. મસ્ક આ ખરીદ્યા પછી ઓપનએઆઈને ફરીથી



એક નોન-પ્રોફિટ રિસર્ચ લેબોરેટરી બનાવવા ઈચ્છે છે. ધ વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ મુજબ, આ ઓફર એલોન મસ્કના વકીલ માર્ક ટોબેરોફ દ્વારા સોમવારે ઓપનએઆઈના બોર્ડને આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૫માં એલોન મસ્ક અને સેમ ઓલ્ટમેને ૯ અન્ય લોકો સાથે મળીને ઓપનએઆઈની સ્થાપના કરી હતી, પરંતુ ૨૦૧૮માં મસ્ક તેમાંથી જુદા થઈ ગયા હતા. ૨૦૨૩માં મસ્કે ઓપનએઆઈના કોમ્પિટિટર એઆઈ સ્ટાર્ટઅપ એક્સ-એઆઈની શરુઆત કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકન પ્રમુખ પર અકળાયા સરમુખત્યાર કિમ જોંગ ઉન



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ગાઝા અંગેના પ્લાન પર હવે ઉત્તર કોરિયાના સરમુખત્યાર કહેવાતા કિમ જોંગ ઉને આકરી પ્રતિક્રિયા આપી હતી. તેમણે ટ્રમ્પના નિર્ણયને વાહિયાત અને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો. ઉત્તર કોરિયાની સરકારે કહ્યું કે અમેરિકા તેના ગાઝા અંગેના પ્લાનની આડમાં ઉઘરાણી કરી રહ્યું છે. કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ ટ્રમ્પનું નામ લીધા વિના કહ્યું કે અમેરિકાના પ્લાને પેલેસ્ટિનિયનની સુરક્ષિત પાછા ફરવાની થોડી ઘણી આશાને પણ કચડી નાખી છે. હવે આ દુનિયા ઉકળતાં ચરુ જેવી સ્થિતિનો સામનો કરી રહી છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે હું ગાઝા ખરીદવા અને તેના પર માલિકી જાળવી રાખવા માંગું છું. આ સાથે ગાઝાના કેટલાક ભાગોના પુનર્નિર્માણ માટે મધ્ય પૂર્વના કેટલાક દેશોને તેમાં ભાગીદાર બનાવવા તૈયાર છું. જોકે અમે ગાઝાની સંપૂર્ણ માલિકી માટે પ્રતિબદ્ધ છીએ અને ખાતરી કરીશું કે હમાસ ફરી ક્યારેય અહીં પગ ન મૂકી શકે.

### ઈન્સ્ટાગ્રામ પર પોતાનાથી વધુ લાઈક્સ મળતાં મિત્રની હત્યા




। (એજન્સી) વર્ધા, તા.૧૨ ।

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઈન્ટરનેટ પર પ્રસિદ્ધ થવાના ચક્કરમાં મહારાષ્ટ્રમાં એક દર્દનાક ઘટના બની છે. સોમવારે એક સગીરને ઈંસ્ટાગ્રામ સ્ટોરીને લીધે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. મહારાષ્ટ્રના વર્ધા જિલ્લાના હિંગણઘાટ વિસ્તારના પિંપલગાંવમાં કેટલાક મિત્રો વચ્ચે ઈંસ્ટાગ્રામ સ્ટોરીને લઈને વિવાદ પેદા થયો હતો. આ વિવાદ એ હદે વકર્યો કે મિત્રોએ ૧૭ વર્ષીય કિશોરની હત્યા કરી દીધી હતી.પ્રાથમિક માહિતી પ્રમાણે, લગભગ એક મહિના પહેલા પીડિત હિમાંશુ ચિમની(૧૭)એ આરોપી માનવ જુમનાકેની સાથે ઈંસ્ટાગ્રામ પર સ્ટોરી અપલોડ કરી હતી. તેમણે સ્ટોરી પર વોટ માંગ્યા હતા. ૧૭ વર્ષીય હિમાંશુને આરોપી કરતા વધુ વોટ મળ્યા હતા, જેના કારણે બંને વચ્ચે ઝઘડો થઈ ગયો હતો. બંનેએ આ મુદ્દા પર વાતચીત કરવા માટે શનિવારે મળવાનું નક્કી કર્યુ હતું. બંને વચ્ચે વાતચીત દરમિયાન તકરાર વધતાં હિમાંશુ પર તેના મિત્રોએ ચાકુ વડે હુમલો કરતાં દીધો, અને ઘટનાસ્થળે જ હિમાંશુનું મોત નીપજ્યું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આરોપીઓની ધરપકડ કરી એફઆઈઆર નોંધીને તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, સોશ્યલ મીડિયાને લઈને આવી હિંસક ઘટના પહેલાં પણ સામે આવી ચુકી છે. આ પહેલા જુલાઈ ૨૦૨૪માં એક ૧૫ વર્ષીય કિશોરે કથિત રીતે સોશિયલ મીડિયા પર એક છોકરીનોની સાથે ચેટિંગને લઈને ગુરુગ્રામમાં એક ૧૬ વર્ષીય કિશોરની હત્યા કરી દીધી છે.

### ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડવાના સંકેત આપ્યા

# પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર અભિજીત મુખર્જીએ ટીએમસી છોડી

। (એજન્સી) કોલકત્તા, તા.૧૨ ।

પશ્ચિમ બંગાળની સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડવાના સંકેત આપ્યા છે. એકલા ચૂંટણી લડવાની તૈયારી કરી રહેલી મમતા બેનર્જીના નેતૃત્વવાળી ટીએમસીને મોટો ફટકો પડ્યો છે. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર અભિજીત મુખર્જી ટીએમસી છોડીને કોંગ્રેસમાં જોડાયા છે. અભિજીત મુખર્જી બુધવારે કોંગ્રેસમાં જોડાયા હતા.

કોંગ્રેસમાં જોડાયા બાદ તેમણે કહ્યું કે તેઓ તેમના ઘરે પાછા આવી રહ્યા છે. મને આ કરતા શું રોકશે? અભિજીતે હળવા સ્વરમાં કહ્યું કે દિલ્હીથી કોલકાતા આવવામાં સમય લાગે છે. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીની સ્થિતિ શું છે તેનાથી કોઈ ફરક પડતો નથી. કોંગ્રેસ છોડીને ટીએમસીમાં જોડાવા અંગે અભિજીતે કહ્યું કે તેઓ અંગત કારણોસર ત્યાં ગયા હતા.

અભિજીત મુખર્જીએ કહ્યું કે તેઓ તે કારણો જાહેર કરવા માંગતા નથી. તેમણે તરત જ સ્પષ્ટ કર્યું કે તેમને જે પણ જવાબદારી આપવામાં આવશે, તેઓ તેને નિભાવશે. અમે લોકો છીએ જે ઓર્ડરને આગળ ધપાવે છે. અભિજિત મુખર્જીની કોંગ્રેસમાં વાપસીની પુષ્ટિ પાર્ટીના પશ્ચિમ બંગાળ એકમ સાથે સંકળાયેલા નેતાઓએ પહેલેથી જ કરી દીધી હતી.

પશ્ચિમ બંગાળ કોંગ્રેસના અધ્યક્ષ સુભાંકર સરકારે કહ્યું કે અભિજીત મુખર્જી કોંગ્રેસમાં જોડાવાથી પાર્ટી મજબૂત થશે. તેમણે એમ પણ કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે જે લોકોની વિચારધારા રાહુલ ગાંધીની વિચારધારા સાથે મેળ ખાતી હોય તેઓ કોંગ્રેસમાં જોડાય. અભિજીત મુખર્જી બે વખત સાંસદ રહી ચૂક્યા છે. તેઓ પ્રથમ વખત ૨૦૧૨માં જંગીપુર લોકસભા બેઠક પરથી સંસદમાં પહોંચ્યા હતા, જે તેમના પિતા પ્રણવ મુખર્જીના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ તેમના રાજીનામાને કારણે ખાલી પડી હતી.

૨૦૧૨ની પેટાચૂંટણીમાં, અભિજીતને CPI(M)ના મુઝફ્ફર હુસૈન સામે સખત લડાઈનો સામનો કરવો પડ્યો અને તે માત્ર ૨૫૩૬ મતોના નજીકના માર્જિનથી જીતી શક્યો. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ અભિજીત જાંગીપુર બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયા હતા પરંતુ ૨૦૧૯માં તેઓ ચૂંટણી હારી ગયા હતા. અભિજીતને ટીએમસીના ખલીલુર રહેમાનથી હરાવ્યા હતા. ૨૦૨૧માં અભિજીત મુખર્જીએ કોંગ્રેસ છોડી દીધી હતી. અભિજીત પશ્ચિમ બંગાળની સત્તારૂઢ ટીએમસીમાં જોડાયા હતા. ગયા વર્ષે યોજાયેલી લોકસભાની ચૂંટણીના પરિણામો જ્યારથી આવ્યા છે ત્યારથી અભિજિત મુખર્જી અવાર-નવાર કોંગ્રેસની સાથે ઉભા રહેવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. જૂન ૨૦૨૪માં જ અભિજીત મુખર્જીએ કોંગ્રેસમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને પાર્ટી નેતૃત્વને મળવા માટે સમય પણ માંગ્યો હતો.

પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહના નિધન બાદ પ્રણવ મુખર્જીની પુત્રી શર્મિષ્ઠા મુખર્જીએ કોંગ્રેસ વિરુદ્ધ મોરચો ખોલ્યો હતો, ત્યારે પણ અભિજીત પાર્ટીના બચાવમાં ઉભા જોવા મળ્યા હતા. શર્મિષ્ઠાએ પ્રણવ મુખર્જીના નિધન બાદ CWCની બેઠક બોલાવીને શ્રદ્ધાંજલિ ન આપવા બદલ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. ત્યારે અભિજીતે તેને કોરોના સમયગાળાના પ્રતિબંધો સાથે જોડીને બચાવ કર્યો અને કહ્યું કે CWCની બેઠકમાં બાદમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

### કેન્દ્રીય બજેટ પરની ચર્ચા પર નાણામંત્રીના જવાબ વિશે પૂછવામાં આવ્યું હતું

## ખબર નથી નાણામંત્રી કયા ગ્રહ પર રહે છે : પ્રિયંકા ગાંધી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કેરળના વાયનાડથી કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સામાન્ય બજેટ પર ચર્ચામાં ભાગ લીધો હતો. આ દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારામનના જવાબ પર પ્રતિક્રિયા આપતા તેમણે મોંઘવારી-બેરોજગારીના મુદ્દે ભાજપ નેતા પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રિયંકાએ કટાક્ષ કરતા કહ્યું કે, તેમને ખબર નથી કે નાણામંત્રી કઈ દુનિયામાં રહે છે જ્યાં તે મોંઘવારી અને બેરોજગારી જોઈ શકતા નથી. તેઓ કહી રહ્યા છે કે ફુગાવો નથી, બેરોજગારીમાં કોઈ વધારો નથી, ભાવમાં કોઈ વધારો નથી.' મહત્વનું છે કે, લોકસભામાં બજેટ પરની ચર્ચાનો જવાબ આપતી વખતે નિર્મલા સીતારામને ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે અમેરિકન ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડા પાછળ ઘણા સ્થાનિક અને વૈશ્વિક કારણો છે.સામાન્ય બજેટ ૨૦૨૫-૨૬ પરની ચર્ચાનો જવાબ આપતાં, સીતારામને કહ્યું કે ફુગાવાનો વલણ, ખાસ કરીને ખાદ્યપદાર્થોમાં સાધારણ જણાય છે. તેમણે એમ પણ કહ્યું કે સરકાર ૨૦૨૫-૨૬માં લગભગ સમગ્ર ઋણનો ઉપયોગ મૂડી ખર્ચને ધિરાણ કરવા માટે કરી રહી છે. કેન્દ્રીય બજેટ પરની ચર્ચા પર નાણામંત્રીના જવાબ વિશે પૂછવામાં આવતા પ્રિયંકા ગાંધીએ સંસદની બહાર પત્રકારોને કહ્યું, "મને ખબર નથી કે તે કયા ગ્રહ પર રહે છે. તે કહી રહ્યા છે કે ત્યાં કોઈ મોંઘવારી નથી, બેરોજગારીમાં કોઈ વધારો નથી, કિંમતોમાં કોઈ વધારો નથી." કોંગ્રેસના સંગઠન પ્રભારી મહાસચિવ કે સી વેણુગોપાલે કહ્યું કે લોકસભામાં બજેટની ચર્ચામાં નાણાપ્રધાનનો જવાબ એ કેવી રીતે દોષને હટાવવા અને વાસ્તવિકતાથી ધ્યાન ભટકાવવાનો માસ્ટરક્લાસ હતો.

### ૨૦ દર્દીઓ વેન્ટિલેટર પર અને ૫૦ ICUમાં દાખલ

# ગુલિયન બેરી સિન્ડ્રોમનો આંકડો ૧૯૭ પર પહોંચ્યો

। (એજન્સી) પુણે, તા.૧૨ ।

મહારાષ્ટ્રના પુણેમાં ગુઈલિયન-બેરી સિન્ડ્રોમ કેસોની સંખ્યામાં વધારો થયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે પુણે વિસ્તારમાં ગુલિયન-બેરી સિન્ડ્રોમના શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા કેસોની સંખ્યા ૧૯૭ પર પહોંચી ગઈ છે. આ નર્વ ડિસઓર્ડરના વધુ પાંચ દર્દીઓ મળી આવ્યા છે. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે પુણેના પાંચ દર્દીઓમાં ૨ નવા કેસ અને ૩ અગાઉના કેસ સામેલ છે. આ બીમારીને કારણે અત્યાર સુધીમાં કુલ સાત લોકોના મોત થયા છે. આરોગ્ય વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે કે ૧૯૭ કેસમાંથી ૧૭૨ જીબીએસ સંબંધિત કેસોની સારવાર કરવામાં આવી છે. લગભગ ૪૦ દર્દીઓ પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના



છે, ૯૨ પીએમસીમાં નવા ઉમેરાયેલા ગામોમાંથી, ૨૯ પિંપરી ચિંચવડ સિવિલ લિમિટના, ૨૮ પુણે ગ્રામીણ અને આઠ અન્ય જિલ્લાના છે. "૧૦૪ દર્દીઓને રજા આપવામાં આવી છે, ૫૦ ICUમાં છે અને ૨૦ વેન્ટિલેન્ટર સપોર્ટ પર છે."ગુઈલેન બેરી સિન્ડ્રોમ સામાન્ય રીતે હાથ અને પગમાં કળતર અને નબળાઈ સાથે શરૂ થાય છે. આ લક્ષણો ઝડપથી ફેલાઈ શકે છે અને લકવોમાં ફેરવાઈ શકે છે. તેના પ્રારંભિક લક્ષણો હોઈ શકે છે.

### ટ્રેડ વોરના ભણકારા

# યુરોપના ૨૭ દેશ USના આકરી ટેરિફનો જડબાતોડ જવાબ આપશે

। (એજન્સી) બ્રસેલ્સ, તા.૧૨ ।

અમેરિકામાં પ્રમુખપદ સંભાળ્યા પછી ટ્રમ્પે ટેરિફની તલવાર વીંઝવા માંડી છે. ટ્રમ્પે તાજેતરમાં અમેરિકામાં આયાત થતા વિદેશી સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ લાદવાનું એલાન કર્યુ છે. ટ્રમ્પના આ નિર્ણયથી યુરોપના અનેક દેશો પર વિપરિત અસરની સંભાવાના હોવાથી યુરોપિયન યુનિયનમાં નારાજગી ફેલાઈ છે. યુરોપિયન યુનિયનના ૨૭ દેશોએ અમેરિકાએ લાદેલા ટેરિફનો જડબાતોડ જવાબ આપવા કમર કસી છે, જેના પગલે અમેરિકા અને યુરોપના દેશો વચ્ચે ટ્રેડ વોર શરૂ થવાની શક્યતા છે. યુરોપિયન યુનિયનના વડા ઉરસુલા વોન ડેર લેઈને ટ્રમ્પ સરકારના પગલાનો નક્કર જવાબ આપવાની તૈયારી દર્શાવી હતી અને યુરોપિયન યુનિયનના આર્થિક હિતોને



જાળવવાનો હુંકાર કર્યો હતો. વધુમાં ડેર લેઈને કહ્યું હતું કે, ટેરિફનો સીધો મતલબ ટેક્સ છે અને નવા ટેક્સ વેપાર અને વપરાશકારો માટે નુકસાનકારક છે. યુરોપિયન દેશોમાં સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે સંસદમાં ખુલાસો કર્યો હતો કે, અમેરિકા દ્વારા કોઈ વિકલ્પ નહીં રખાય તો યુરોપિયન સંઘના દેશો એકજૂથ થઈને જડબાતોડ જવાબ આપશે. તેના કારણે બંને દેશના વેપાર-ઉદ્યોગ અને સમૃદ્ધિને અસર પહોંચશે.

### પતિને પડતો મુકી લગ્ન કરી લીધા

## લોન રિકવર કરવા ગયેલા બેન્ક કર્મચારી પર મોહી ગઈ પરણેલી મહિલા

। (એજન્સી) બિહાર, તા.૧૨ ।

બિહારના જમુઈમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં લોન રિકવર કરવા પહોંચેલા એક બેંક કર્મચારી પર એક પરણેલી મહિલાનું દિલ આવી ગયું અને તેણે પોતાના પતિને છોડી બેંકકર્મી સાથે લગ્ન કરી લીધા. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચર્ચા થવા લાગી છે અને લોકોને નવાઈ લાગી રહી છે.

જમુઈમાં લોન રિકવર કરવા પહોંચેલા એક બેંક કર્મી પર મહિલાનું દિલ આવી ગયું અને મહિલાએ પતિને છોડી પ્રેમી સાથે લગ્ન કરી લીધી. મંગળવાર બપોરે ૨ વાગ્યે ત્રિપુરારી ઘાટ પર આવેલા ભૂતનાથ મંદિરમાં બંનેએ હિન્દુ રીતિ રિવાજથી વિધિ વિધાનપૂર્વક લગ્ન કરી લીધા. આ લગ્નનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. જે લોકો વચ્ચે ચર્ચાનો વિષય બન્યો છે. જો કે આ લગ્નને જોવા માટે કેટલાય લોકો પણ પહોંચ્યા હતા. હકીકતમાં જોઈએ તો, લછુઆડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં જાજલ ગામના રહેવાસી ઉપેન્દ્ર પ્રસાદના પુત્ર હવન કુમાર ચકાઈમાં આવેલી બેંકમાં કામ કરે છે. લોનની રિકવરી માટે તે ગામડે ગામડે ફરતા હતા. આ દરમ્યાન થોડા મહિના પહેલા પવન કુમારની મુલાકાત સોનો ના કર્મા ટાંડ ગામના રહેવાસી પિન્ટુ શર્માની દીકરી ઈંદિરા કુમારી સાથે થઈ હતી. પવન કુમાર હંમેસા લોન રિકવરી માટે જતાં હતા.

## પોલીસને ધમકી આપનારા આપ ના ધારાસભ્ય ખુદ ગાયબ થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હી પોલીસની ટીમ પર હુમલાનું નેતૃત્વ કરવાના આરોપી ઓખલાના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનની ધરપકડ માટે દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ સેલની ટીમો તેને શોધવામાં લાગી ગઈ છે. પોલીસે દાવો કર્યો છે કે ટૂંક સમયમાં અમાનતુલ્લાહની ધરપકડ કરી લેવામાં આવશે. પોલીસ સૂત્રોએ જણાવ્યું છે કે, એફઆઈઆર નોંધાયા બાદથી આરોપી અમાનતુલ્લાહ ખાનનો મોબાઈલ ફોન બંધ છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**કેટરિંગ સર્વિસ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

નીચેના કેટલોગ માટે અમદાવાદ ડિવિઝનમાં કેટરિંગ એકમોમાં કેટરિંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે નીચેની સૂચિ માટે ઇ-ઓક્શન પર બિડ આમંત્રિત કરવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ નં. | વર્ગ | ઇ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| CTG-ADI - 04 - 24 | કેટરિંગ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 26.02.2025 ના રોજ 11:15 કલાકે શરૂ થશે |

નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉપરોક્ત કેટલોગ નંબરો હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટનો છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટનો છે. લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઇ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. 319

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## ૧૫ ફુટ ઊંડા કૂવામાં કાર ખાબકી, 3 યુવકોના મૃત્યુ

। (એજન્સી) નાગપુર,૧૨ ।

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં ગત રાતે એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. જિલ્લાના બુટ્ટીબોરી એમઆઈડીસી વિસ્તારમાં બાલભારતી મેદાનમાં એક કાર કૂવામાં જઈ પડી હતી. જે પાણીમાં ડુબાઈ ગઈ હતી. દુર્ઘટનામાં કાર સવાર ત્રણ યુવકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા હતા. તે લોકો ડ્રાઈવિંગ શીખી રહ્યા હતા.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

ઇ-ટેન્ડર સૂચના નંબર 31 વર્ષ 2024-2025 તારીખ: 11.02.2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-ADI-205-2024-25 | 2,33,06,480.15 | 2,66,500.00 |
| | સહાયક વિભાગીય ઇજનેર - વિરમગામના અધિકારક્ષેત્ર હેઠળ LHS ની સમ્પ અને ડ્રેઇન અને રોડ સપાટી પૂરી પાડીને ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો. | | |
| 2 | DRM-ADI-206-2024-25 | 2,33,21,394.06 | 2,66,600.00 |
| | સહાયક વિભાગીય ઇજનેર - ધ્રાંગધ્રાના અધિકારક્ષેત્ર હેઠળ LHS ની સમ્પ અને ડ્રેઇન અને રોડ સપાટી પૂરી પાડીને ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો. | | |
| 3 | DRM-ADI-207-2024-25 | 28,73,92,571.45 | 15,87,000.00 |
| | સામખ્યાલી- ગાંધીધામ વિભાગ:- CRO પ્રોન સ્થાનો સાથે જોડાણમાં ઢોર માટે વાડ પૂરી પાડવી. | | |

ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : તારીખ 04/03/2025 સમય 15:00 કલાકે ઓફિસ સરનામું : સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ : www.ireps.gov.in 318

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કડી તાલુકાના ઝુલાસણ ખાતે નવનિર્મિત અનુપમ પ્રાથમિક શાળાનું લોકાર્પણ સંપન્ન

। ગાંધીનગર, તા.૧૨ ।

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઝુલાસણ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત નવનિર્મિત પટેલ કુસુમબેન ભરતભાઈ ભક્તિદાસ ડૉ. પરિવાર અનુપમ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગામના વિકાસ માટે કોઈપણ જરૂરિયાત હોય તો તેનું સુચારું આયોજન કરીને તમામ કામગીરી પૂર્ણ કરવામાં રાજ્ય સરકાર સહયોગ માટે તત્પર છે.

વધુમાં તેમણે જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસની કેડી કંડારી છે. તેઓએ ગુજરાતના ગામેગામ વીજળી અને પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે.

ગુજરાતના દરેક બાળકને શિક્ષણ મળી રહે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ જેવા આયોજનો થકી અગાઉના સમયમાં શાળા ડ્રોપઆઉટ રેશિયો ૩૫% હતો, જે આજે ઘટીને ૧.૯૮% સુધી પહોંચ્યો છે. આ તકે મહેસાણા જિલ્લાનો વિશેષ ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહેસાણા જિલ્લામાં દીકરીઓનો શાળામાં એનરોલમેન્ટ રેશિયો ૯૯.૮૮% છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. શિક્ષણમાં સરકાર તો પૂરતું ધ્યાન આપી જ રહી છે પણ સરકાર સાથે જ્યારે જનભાગીદારી જોડાય ત્યારે વિકાસ હંમેશા બેવડાતો હોય છે, જેનું ઝુલાસણ અનુપમ પ્રાથમિક શાળા ઉત્તમ ઉદાહરણ છે.





વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, વરસાદી પાણીના સંગ્રહ માટે વડાપ્રધાનશ્રીએ દેશમાં ‘કેચ ધ રેઈન’ ઝુંબેશ શરૂ કરાવી છે. જે અંતર્ગત વરસાદનું પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા આ શાળામાં પણ કરવી જોઈએ અને શાળાની સાથે સાથે ગામમાં પણ વરસાદી પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચવ્યું હતું. ગ્લોબલ વોર્મિંગ સામે જેટલા વધુ વૃક્ષો વાવીશું તેટલો આપણને જ વધુ લાભ થશે તેમ જણાવી દરેકે પોતાની માતાના નામે એક વૃક્ષ વાવીને, તેનો ઉછેર કરીને વડાપ્રધાનશ્રીના ‘એક પેડ માઁ કે નામ’ અભિયાનમાં સહભાગી થવા સૌને મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. સ્વચ્છતા ઉપર ભાર મુકતા મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, દરેક લોકોએ સ્વચ્છતાને સ્વભાવમાં વણી લેવી જોઈએ. જો આ સ્વચ્છતા સ્વભાવમાં આવશે તો વિકાસ દીપી ઉઠશે. આ તકે મુખ્યમંત્રીશ્રીએ નવનિર્મિત શાળામાં દાન આપનાર દાતાશ્રીઓને અભિનંદન પાઠવી સન્માનિત કર્યા હતા. કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીશ્રીએ શાળાના વર્ગખંડોની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અનુપમ પ્રાથમિક શાળામાં ૧૮ ક્લાસરૂમ, ૨ કોમ્પ્યુટર રૂમ, ૧ સ્માર્ટ ક્લાસ, મેદાન સહિતની સુવિધાઓ છે. મુખ્યમંત્રીશ્રીએ આ અનુપમ શાળા નવીનીકરણમાં આર્થિક સહાય આપનારા દાતાઓ નું સન્માન પણ કર્યું હતું. આ પ્રસંગે સાયલા ગુરુગાદી લાલજી મહારાજની જગ્યાના મહંતશ્રી દુર્ગાદાસજી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતી તૃષાબેન પટેલ, મહેસાણા ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, કલોલ ધારાસભ્યશ્રી લક્ષ્મણજી ઠાકોર, અગ્રણીશ્રી ગીરીશભાઈ રાજગોર, તાલુકા પંચાયત પ્રમુખશ્રી કવિતાબેન પટેલ, જિલ્લા કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન તેમજ દાતાશ્રીઓ સહિત સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠાના દાંતીવાડાના સીપુ ડેમ નજીક અકસ્માત

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૨ ।

બનાસકાંઠાના દાંતીવાડાના સીપુ ડેમ નજીક અકસ્માત થયો છે. અકસ્માતની ઘટનામાં બે લોકોના મોત નીપજ્યા છે. ટ્રેક્ટરની પાછળ ટ્રેલર ઘૂસી જતાં આ અકસ્માત સર્જાયો હતો. ટ્રેક્ટરમાં બટાટા ભરીને કોલ્ડ સ્ટોરેજમાં મૂકવા જતાં આ ઘટના બની છે. આ અકસ્માતમાં બે પિતરાઈ ભાઈઓના મોત થયા હતા. પિતરાઈ ભાઈઓના મોતથી ફક્ત કુટુંબ જ નહીં આખા ગામમાં માતમ છે. તેના પગલે મૃતકોના માબાપ અને ભાઈબહેનના આંસુ સુકાતા નથી. તેમા પણ માતા તો આઘાતની મારી બેહોશ જ થઈ ગઈ છે, જ્યારે પિતા આઘાતથી સ્તબ્ધ છે. હસતારમતા ગયેલા બે પુત્રોના મૃતદેહ જોઈને પિતાનું કાળજુ ચીરાઈ ગયું છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા છે. પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ પણ મૃતકોના કુટુંબીજનોને સાંત્વના આપી હતી. તેમના આક્રોશને પણ ઠંડો પાડ્યો હતો. આ સિવાય પોલીસે આ દુર્ઘટના કેવી રીતે સર્જાઈ તેની તપાસ પણ આદરી છે. પોલીસનું માનવું છે કે અંધારના લીધે ટ્રેલર ટ્રેક્ટરને જોઈ ન શક્યું હોવાના કારણે અકસ્માત સર્જાયો છે. આ સિવાય ટ્રેલરચાલક નશામાં હતો કે નહીં તેની તપાસ પણ પોલીસે આદરી છે.

## બોટાદના ગેસ્ટ હાઉસના રૂમમાંથી યુવકની લાશ મળી

। (એજન્સી) બોટાદ, તા.૧૨ ।

બોટાદના ગેસ્ટ હાઉસના રૂમમાંથી યુવકની લાશ મળી. ટાવર રોડ પર આવેલા યોગી ગેસ્ટ હાઉસમાં આ ઘટના બની છે. ગેસ્ટહાઉસમાં ઉતરેલા ૩૭ વર્ષના યુવકે ઝેરી દવા પીધી છે. મૃતકનું નામ અશોક લીબડીયા હોવાનું સામે આવ્યું છે. હવે મૃતક અશોકે કયા કારણસર ઝેરી દવા પીધી છે તે કારણ હજી અકબંધ છે. ઘટનાની જાણ થવાના પગલે પોલીસ તાત્કાલિગ ગેસ્ટ હાઉસ પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સોનાવાલા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરવા સહિતની તપાસ આરંભી છે. પોલીસ હવે આ યુવક ક્યાંનો હતો અને ક્યાંથી આવ્યો હતો તેની ચકાસણી કરી રહી છે. ગેસ્ટ હાઉસમાં રોકાવવા દરમિયાન તેણે આધાર કાર્ડ જેવો કોઈ પ્રમાણભૂત પુરાવો આપ્યો હતો કે નહીં તે પણ જોઈ રહી છે. આ ઉપરાંત મૃતકનું પાનકાર્ડ પણ હતું કે નહીં તે પોલીસ ચકાસી રહી છે. પોલીસ તેની પાસેના આ પ્રકારના સામાનના સથવારે મૃતકની ઓળખ કરશે.

## વિશ્વ રેડિયો દિવસની પૂર્વ સંધ્યાએ આકાશવાણી પરિસરમાં શાળાની કિશોરીઓના હસ્તે વૃક્ષારોપણ






। વડોદરા, તા.૧૨ ।

વિશ્વભરમાં ૧૩ ફેબ્રુઆરીના રોજ રેડિયો દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રેડિયો દિવસની ૨૦૨૫ની થીમ રેડિયો અને પર્યાવરણ પરિવર્તન છે. ત્યારે વડોદરા શહેરમાં આવેલ આકાશવાણી રેડિયો સ્ટેશનના પરિસરમાં આ દિવસની પૂર્વ સંધ્યાએ કરજણ તાલુકાના બોડકા ગામે આવેલ પ્રાથમિક શાળાની કિશોરીઓના હસ્તે વૃક્ષારોપણ કરીને ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત શાળાની કિશોરી દ્વારા રેડિયોનું મહત્વ વિશેની પ્રસ્તુતિ અને ‘ભલી ઉંદરડી’ નો એક પપેટ શો દ્વારા વ્યક્તિગત સ્વચ્છતાનો સંદેશ પ્રસ્તુત કરતા રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. જેનું પ્રસારણ ૧૩ ફેબ્રુઆરીને સવારે ૧૧:૦૦ વાગે આકાશવાણી વડોદરાના ૯૩.૯ હ્ર્સ પરથી કરવામાં આવશે. આકાશવાણી વડોદરાની મુલાકાતે આવેલ કિશોરીઓ તથા કોસ્મો ફાઉન્ડેશનના કાર્યકરોને આકાશવાણીના કેન્દ્ર અધ્યક્ષ શ્રી જગદીશ પરમાર તથા અન્ય સ્ટાફે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ બિરદાવ્યા હતા.

## ગુજરાત સરકારે ૪૫૮ ગેરકાયદેસર ધાર્મિક સ્થળોને નોટિસ ફટકારી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાત સરકારે જાહેર સ્થળો પર ગેરકાયદેસર ધાર્મિક સ્થળોને ૪૫૮ નોટિસ ફટકારી છે. આ વાત સરકારે ખુદ હાઈકોર્ટમાં જણાવી છે. મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલની ખંડપીઠે એક આદેશમાં કહ્યું હતું કે રાજ્ય સરકારે દિશા નિર્દોશોને લાગૂ કરવા માટે પ્રભાવી પગલા ઉઠાવ્યા છે અને સાર્વજનિક રસ્તા, જાહેર પાર્ક અને અન્ય જાહેર સ્થળો પર અનધિકૃત ધાર્મિક ઢાંચાઓના રહેવાસીઓને ૪૫૮ નોટિસ ફટકારી છે. સરકારે હાઈકોર્ટને જણાવ્યું કે, જનતામાં જાગૃતિ ફેલાવવા માટે સ્થાનિક અખબારોમાં ૨૬૦૭ નોટિસ પ્રકાશિત કરી છે. સાથે જ સાર્વજનિક સ્થળો પરથી ગેરકાયદેસર ધાર્મિક દબાણો હટાવવા માટે સ્થાનિક ધાર્મિક પ્રમુખોને જાગૃત કર્યા છે. અહીં ઉલ્લેખનિય છે કે, ૨૦૦૬માં હાઈકોર્ટે જાહેર જગ્યા પર દબાણ કરનારા કથિત ધાર્મિક સ્થળોને હટાવવા માટે વડોદરા નગર નિગમ દ્વારા ચલાવવામાં આવેલા દબાણહટાવો અભિયાનના સંબંધમાં સ્વતઃ સંજ્ઞાન લેતા એકશન શરુ કરી હતી.સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સાર્વજનિક સ્થળો પર અનધિકૃત દબાણોની ઓળખ કરવા અને તેમને હટાવવા, શિફ્ટ કરવા તથા નિયમિત કરવાના સંબંધમાં એક વ્યાપક નીતિ તૈયાર કરવા માટે નિર્દેશ જાહેર કર્યા હતા.

### ૫૦૦૦ કિલો શંકાસ્પદ ઘી નો જથ્થો જપ્ત કર્યો

## અમૂલ બ્રાન્ડ જેવું જ લેબલિંગ-પેકિંગ કરી ડુપ્લીકેટ ઘી વેચવાના કૌભાંડનો પર્દાફાશ

### સેન્ટ્રલ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ કમલીમાં દરોડો પાડ્યો

। (એજન્સી) મહેસાણા, તા.૧૨ ।

મહેસાણામાંથી અમૂલ બ્રાન્ડ જેવું જ લેબલિંગ-પેકિંગ કરી ડુપ્લીકેટ ઘી વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. સેન્ટ્રલ ફુડ સેફ?ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ બાતમીના આધારે કમલી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ દરોડામાં રૂ.૩૫ લાખનો ૫૦૦૦ કિલો શંકાસ્પદ ઘી નો જથ્થો જપ્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ, સેન્ટ્રલ ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતેથી શંકાસ્પદ ઘી(અમૃત ઘી)ના વિવિધ નમૂનાઓ લઈને સેન્ટ્રલ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા ઓથોરાઈઝ્ડ સેન્ટ્રલ લેબોરેટરીમાં આ નમૂનાઓ પરીક્ષણ અર્થે મોકલી આપ્યા છે.

મહેસાણાના કમલી ખાતે મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે બિલકુલ અમૂલના બ્રાન્ડ જેવું જ લેબલીંગ, કલર અને પેકીંગ કરી અમૃત ઘીના નામે શંકાસ્પદ ઘીનો જથ્થો વેચાણ કરવામાં આવે છે અને મોટાપાયે ત્યાં ગાયનું ઘી, ભેંસનું ઘી, પ્યોર ઘી અમૃત ઘીના નામે તૈયાર થાય છે અને ત્યાંથી જ માર્કેટીંગ-વેચાણને બધુ થાય છે.

આ ફરિયાદને ગંભીરતાથી લઈ સેન્ટ્રલ અધિકારીઓ ટીમ સાથે મે.રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે ત્રાટકયા હતા અને સમગ્ર ગોડાઉન અને સ્થળની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, મે.રજવાડી ડેરી પ્રોડક્ટસ પાસે જો આવુ ગાયનુ ઘી, પ્યોર ઘી કે દૂધની બનાવટવાળી પ્રોડક્ટ વેચાણ કરવી હોય તો ડેરી યુનિટનું લાયસન્સ લેવું પડે પરંતુ તેમની પાસે આ કેટેગરીનું લાયસન્સ જ ન હતુ. મે.રજવાડી ડેરી પ્રોડક્ટ્?સ પાસે જનરલ મેન્યુફેકચરીંગનું લાયસન્સ હોવાછતાં તેઓ ગેરકાયદે રીતે આ પ્રકારે અમૂલ જેવું જ લેબલીંગ, પેકીંગ અને કલર સહિતની બાબતોમાં બિલકુલ અસલ લાગે તે જ પ્રકારની નકલ કરી અમૃત ઘીના નામે ગેરકાયદે ઉત્પાદન અને વેચાણ કરતા.

### આ બંને બ્રિજ રૂ. ૩૨૨ કરોડના ખર્ચે બનશે

## અમદાવાદમાં આરટીઓ સર્કલ અને પરિમલ સર્કલ પર બનશે બે નવા ઓવરબ્રિજ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદને ટ્રાફિકની સમસ્યામાંથી છૂટકારો અપાવવાનું કામ અવિરત ચાલી રહ્યુ છે. તેના જ ભાગરૂપે અમદાવાદ આરટીઓ સર્કલ પર અને પરિમલ સર્કલ પર બે નવા ઓવરબ્રિજ બનશે. આ બંને બ્રિજ રૂ. ૩૨૨ કરોડના ખર્ચે બનશે. આ બ્રિજ બનવાના લીધે આરટીઓ સર્કલ પાસે પીક અવર્સમાં ટ્રાફિક જામ સર્જાય છે તેનાથી છૂટકારો મળશે. જ્યારે પરિમલ બ્રિજ બનતા પંચવટી સર્કલ પાસે સર્જાતા ટ્રાફિક જામથી છૂટકારો મળશે.

અમદાવાદમાં લો ગાર્ડન પર આવેલા પંચવટી જંકશન પર એલ આકારનો ૭૭૯ મીટર લાંબો ફ્લાયઓવર બનાવવામાં આવશે. આ બ્રિજ લો ગાર્ડન પાસેની હોટેલ રેડિસન બ્લુથી લઈને પંચવટી સર્કલ થઈને સીએન વિદ્યાલય પાસે ઉતરશે. આ બ્રિજ બનાવવા પાછળ ૭૫ જેટલા વૃક્ષ કાપવામાં આવશે. આમ આ બ્રિજ લો ગાર્ડન ચાર રસ્તાને પણ આવરી લે તેમ માનવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો હાલમાં જે ઓવરબ્રિજ છે તેને નજીકથી કનેકટ કરી શકાય તે રીતે આ ઓવરબ્રિજ બનાવવામાં આવનાર છે. આના લીધે નદીપારથી લો ગાર્ડન જ નહીં છેક સીએન અને તેના દ્વારા નેહરુનગર સુધીનો વાહનવ્યવહાર સરળ બની જશે.

આ કામો માટે સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી મળી ગઈ છે. તેના પછી આગામી સમયમાં તેનું કામ શરૂ કરવામાં આવશે. આ કામ લગભગ ૩૦ મહિનામાં પૂરુ થાય તેવો અંદાજ છે, પણ કદાચ પ્રતિકૂળ સંજોગો સર્જાય તો પણ તે કમસેકમ ૩૬ મહિનામાં પૂરુ થઈ જાય તેમ માનવામાં આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ કામ વિવાદાસ્પદ બિલ્ડર રણજીત બિલ્ડકોનને સોંપવામાં આવ્યું છે. આમ મ્યુનિસિપાલિટીએ અગાઉ નબળું કામ કરનારાઓને બ્લેકલિસ્ટ કરવાના બદલે તેમને નવા પ્રોજેક્ટ સોંપવાની પરંપરા ચાલુ રાખી છે. તેથી ભવિષ્યમાં આ પ્રકારના બ્રિજને લઈને વિવાદ સર્જાવવાનો છે તે વાત અત્યારથી જ સ્વીકારીને ચાલવી. અજય ઈન્ફ્રા અને રણજીત બિલ્ડકોન પર રાજકીય આકાઓના હાથ હોવાનું કહેવામાં આવે છે.

### ૧૩ ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિવસ

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કાર્યરત રેડિયો યુનિટી 90FM ઇકો-ફ્રેન્ડલી પદ્ધતિઓ અને પર્યાવરણીય જાગૃતિને આપી રહ્યું છે પ્રોત્સાહન

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

આજે ૧૩ ફેબ્રુઆરીના રોજ જ્યારે “રેડિયો અને ક્લાયમેટ ચેન્જ” ના થીમ સાથે વિશ્વ રેડિયો દિવસની ઉજવણી થઈ રહી છે, ત્યારે એકતાનગરમાં સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે કાર્યરત કોમ્યુનિટી રેડિયો સ્ટેશન, રેડિયો યુનિટી ૯૦હ્ર્સ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે કે કેવી રીતે કોમ્યુનિટી રેડિયો પર્યાવરણીય મુદ્દાઓ પ્રત્યે જાગૃતિ લાવવા અને તે સંબંધિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી શકે છે. ગુજરાતના એકતાનગર, કે જ્યાં વિશ્વભરમાં પ્રતિષ્ઠિત સ્ટેચ્યુ ઑફ યુનિટી આવેલું છે, ત્યાંથી પ્રસારિત થતું આ રેડિયો સ્ટેશન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના યુનિટી (એકતા), સસ્ટેનેબિલિટી (ટકાઉપણું) અને સામાજિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના વિઝનને સાકાર કરી રહ્યું છે.

આ કોમ્યુનિટી રેડિયો પર ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણીય સંરક્ષણ માટેના પ્રયાસો અને ટકાઉ પ્રવાસન પર ધ્યાન કેન્દ્રિત કરતા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. કોમ્યુનિટી રેડિયોની નજીકમાં જ નર્મદા નદી વહે છે, તેમજ સરદાર પટેલ ઝુલોજિકલ પાર્ક પણ તેની પાસે જ સ્થિત છે, જેના થકી આ સ્ટેશન શ્રોતાઓને કુદરતી સંસાધનોના સંરક્ષણ અને પર્યાવરણને અનુકૂળ પ્રથાઓ અપનાવવા અંગે શિક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ સ્ટેશન પરથી પ્રસારિત થતા કાર્યક્રમોનું શેડ્યુલ વૈવિધ્યસભર છે, જે શ્રોતાઓની વિવિધ પ્રકારના રસ-રૂચિને આવરી લે છે:

સવારે ૮.૦૦ કલાકેઃ શ્રી ભગવદ્ ગીતાના સંસ્કૃત શ્લોકો અને તેના અનુવાદ સાથે પર્યાવરણીય જાગૃતિ અંગેના સંદેશાઓ.

સવારે ૯.૦૦ કલાકેઃ આરજે હેતલ સાથે ‘ગુડ મોર્નિંગ એકતાનગર’ કાર્યક્રમ, જેમાં ગુજરાતને હરિયાળું બનાવવા માટેની પહેલો અને ક્લાઈમેટ સંબંધિત પડકારો અંગે ચર્ચા કરવામાં આવે છે.

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL


નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393